રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮

ઈ-ન્યૂઝલેટર અંક નં. ૨૯ સપ્ટેમ્બર-૨૦૨૦

# સ્માર્ટ રાજકોટ



## દેશના માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વર્ષગાંઠના દિવસે

# રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનું ઈ-લોન્ચિંગ કરાયું




રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્યના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ૧૦ લાખ મહિલાઓને શૂન્ય ટકા વ્યાજે લોન ધિરાણ આપવા માટે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનું તા.૧૭–૦૯–૨૦૨૦ના રોજ રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે ઈ–લોન્ચિંગ કરવામાં આવ્યું. રાજ્ય સરકારશ્રીના આ ઈ–લોન્ચિંગ કાર્યક્રમનો રાજકોટ ખાતેનો લાઈવ પ્રોગ્રામ પેડક રોડ પર સ્થિત શ્રી અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ ખાતે યોજાયો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી તથા રાજકોટ નાગરિક સહકારી બેંકના પૂર્વ ચેરમેન કલ્પકભાઈ મણીઆર તેમજ રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મિરાણી, ભાજપ પ્રદેશ અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, શાસક પક્ષના દંડકશ્રી અજયભાઈ પરમાર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, શિશુ કલ્યા અને ખાસ ગ્રાન્ટ સંચાલિત યોજનાઓ અને અગ્નિશામક દળ સમિતિ ચેરમેનશ્રી રૂપાબેન શીલુ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઈ રાઠોડ તથા જુદી જુદી કમીટીના ચેરમેનશ્રીઓ તથા કોર્પોરેટરશ્રીઓ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવેલ કે, સૌપ્રથમ તો ગુજરાતની સમગ્ર જનતા વતી માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને તેમના જન્મદિન નિમિત્તે શુભકામના પાઠવતા જણાવેલ કે, ભારત મહાસત્તા બને, આત્મનિર્ભર બને અને તે નરેન્દ્રભાઈ મોદી દ્વારા જ શક્ય બને આપણું રાષ્ટ્ર સોળેકળાએ અને દશે દિશાએ પ્રગતિ કરે શ્રી નરેન્દ્રભાઈનો મુખ્યમંત્રી તરીકેનો ૧૩ વર્ષનો શાસનકાળ એક દીર્ઘદ્રષ્ટા અને નિષ્ઠાવાન મુખ્યમંત્રીનો કાર્યકાળ હતો તેમણે મહિલા અને યુવા વર્ગ માટે અનેક વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મૂકી હતી. તેઓ વડાપ્રધાન બન્યા પાછી પણ મહિલાઓની ખુબ ચિંતા કરી, જનધન યોજના, ઉજાલા ગેસ વિતરણ યોજના, ઘર ઘર શૌચાલય યોજના ફક્ત અને ફક્ત મહિલાઓને ધ્યાનમાં રાખીને જ અમલમાં મુકેલ છે. મહિલાઓ કોઈપણ મિલકત ખરીદે તો તેમના માટે સ્ટેમ્પ ડ્યુટીમાંથી પણ મુક્તિ આપી છે. તેઓએ મહિલાને શક્તિ સ્વરૂપા તરીકે અદકેરું સ્થાન આપ્યું છે. આપણી પ્રાચીન પરંપરા તરીકે રાધાકૃષ્ણ, સીતારામ, ઉમાશંકર, વિગેરેમાં દેવીઓ એટલે કે સ્ત્રીઓનું પ્રથમ સ્થાન છે. અને તે પરંપરાને જાળવી મહિલાના સર્વાંગી વિકાસ માટે અને તેને પુરૂષ સમોવડી બનાવવા માટે સરકાર અનેકવિધ યોજનાઓ લાવી છે. પોલીસમાં મહિલા માટે 33% અનામત સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સ્ત્રીઓનું ૫૦% પ્રતિનિધિત્વ સરકારી નોકરીમાં સ્ત્રી અનામત અને હવે તો જી.આઈ.ડી.સી.માં પણ બહેનો માટે રિઝર્વેશન રખાયું છે. કોઈપણ દેશે માથાદીઠ આવક વધારવી હશે તો મહિલાઓને મહત્વ આપવું જ પડશે. અને તેના કારણે જ ગુજરાત રાજ્યએ દેશમાં પ્રથમવાર 0% વ્યાજથી મહિલાઓને લોન આપી સ્વનિર્ભર બનાવવાની ધિરાણ યોજના લાગુ પાડેલ છે. પ્રધાનમંત્રીએ ઝીરો બેલેન્સથી જનધન યોજનાથી દેશભરમાં કરોડો બેંક ખાતા ખોલાવ્યા છે. માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ કહે છે હું એક રૂપિયો મોકલું છું સવા રૂપિયાનું કામ કરજો. બેંકના ખાતાને આધાર કાર્ડ સાથે જોડી લોકો માટે ખાતા ખોલાવવામાં સરળતા અને સલામતી ઉભી કરી છે. આજરોજ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના લોન્ચિંગ કરેલ છે તેના પાયામાં રાજકોટની ભૂતકાળની એક ઘટના યાદ આવે છે. રાજકોટ નાગરિક સહકારી બેંકની પરાબજાર શાખાની બહાર છુટક શાકભાજી અને ફળફળાદિનો વેપાર કરતી બહેનો બેસે છે. આ બહેનોનું દૈનિક ટર્નઓવર ૩–૪ હજારનું હોય છે પરંતુ તેની પાસે પૂરતા રોકડ રૂપિયા ન હોવાથી દૈનિક ૫% જેટલા ઉંચા વ્યાજે વ્યાજખોરો પાસેથી તેઓ પૈસા લેતા આ વ્યાજખોરીનું દુષણ ના થવા સરકાર દ્વારા આ યોજના અમલી બનાવી છે. સખી મંડળો પુનઃ સક્રિય બન્યા છે તેને આ યોજનાથી ખુબ સારો નાણાકીય સહયોગ મળશે. એક લાખ ગ્રુપ દસ બહેનો અને પચાસ લોકોને આ યોજના થકી તાત્કાલિક લાભ મળશે. અગાઉ એવું હતું કે પહેલા મંડળ બનાવો પછી બેંક પાસે અરજી કરો અને જો બેંકને યોગ્ય લાગે તો લોન મળતી હવે બેંક પહેલા પૈસા આપશે પછી મંડળ બનાવવાના રહેશે. ગુજરાત સરકાર સ્ત્રી શક્તિને સુદ્રઢ બનાવવા કટીબદ્ધ છે. લોકો પર ભરોસો મૂકી આ યોજના અમલી બનાવી છે. આ યોજનાના કારણે ગુજરાત વધુ આત્મનિર્ભર બનશે. અને તે ભારતનું રોલ મોડલ બને તેવી આ નવતર યોજના છે. આવતા છ માસમાં તેનું સંપૂર્ણ લક્ષ્યાંક પૂર્ણ થાય તે પ્રમાણે આજથી જ કામગીરી શરૂ કરી રાજ્યમાં ૭૦ સ્થળોએ એકસાથે ઈ–લોન્ચિંગ કરવામાં આવેલ છે અને લગભગ ૧૧૯ જેટલી સહકારી સંસ્થાઓ તથા બેન્કો સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. વર્તમાન કોરોના સંક્રમણના સમયમાં ન રૂકેંગે, ન ઝુકેંગે, કોરોના હારશે ગુજરાત જીતશે આજે આપણે સૌ સાથે મળી નરેન્દ્રભાઈ મોદીનું કલ્પનાનું ગુજરાત બનાવવા પંચામૃત યોજના અમલી બનાવી છે. અને વિકાસની રાજનીતિ ચલાવી છે. અગાઉ સ્વરાજ્યથી સુરાજ્ય તરફ લઈ જવામાં જે ભૂમિકા મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની હતી તેવી ભૂમિકા વર્તમાન સમયમાં નરેન્દ્રભાઈ મોદી અને



અમિતભાઈ શાહ નિભાવી રહ્યા છે. અંતમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવેલ કે, બહેનો માટેની આ યોજનાનો વધુમાં વધુ બહેનો લાભ લે અને સ્વાવલંબી બંને તેવી શુભકામના.

આ પ્રસંગે મંત્રીશ્રી વિભાવરીબેન દવે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવેલ કે, માન. નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અમલમાં મૂકી સૌથી શ્રેષ્ઠ કાર્ય કર્યું છે. આ યોજનાના સ્વપ્નદ્રષ્ટા અને વિચાર પુરૂષ આપણા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી છે. તેમણે ખૂબ સંવેદનશીલતાથી આ નિર્ણય લઈ યોજના મૂર્તિમંત કરી છે. જયારે પુરૂષના હાથમાં પૈસા આવે ત્યારે તેનો ઉપયોગ અંગત વપરાશ માટે કરતા હોય છે. જયારે મહિલા પ્રથમ પરિવાર માટે વિચારે છે. અને પોતાના ઘરની જરૂરિયાત માટે પૈસા વાપરે છે. પરિવારને આત્મનિર્ભર બનાવવા મુખ્યમંત્રીશ્રીનું આ આયોજન છે. જેમાં તેમણે 0% વ્યાજે લોન આપી મહિલા ઉપર ૧00% વિશ્વાસ મુક્યો છે. અને આ વિશ્વાસ બરકરાર રાખવા મહિલાઓને હું અપીલ કરું છું.

આ પ્રસંગે ગુજરાત મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડના ચેરમેન ધનસુખભાઈ ભંડેરીએ જણાવેલ કે, મુખ્યમંત્રીશ્રીએ આ યોજના જે રીતે તૈયાર કરાવી અમલમાં મૂકી છે તે ખરેખર સરાહનીય છે. ભૂતકાળમાં સ્ત્રી સશક્તિકરણ અને નારી સંવેદનાના અનેક કાર્યક્રમો આવેલ પરંતુ, સ્ત્રીને પગભર કરી વિકાસની કેડી પર આગળ વધવા માટે મદદરૂપ થનાર આ એક અલગ જ યોજના છે. આમાં બેંક પાસેથી સરળતાથી લોન મળશે અને રી-પેમેન્ટ પણ સરળતાથી કરી શકે તેવી જોગવાઈ કરી છે. ગુજરાત સંત, શુરા અને વીરોની ભૂમિ છે. આજરોજ પંચામૃત કાર્યક્રમ અંતર્ગત ઓછા પરિશ્રમથી ખેડૂતો વધુ અનાજ ઉગાડી શકે તેવી યોજના અમલી બનાવી છે. સાથોસાથ ગાંધીનગર ખાતે ૨૪×૭ પીવાના પાણીની રૂ.૨૨૯ કરોડની યોજના, નર્મદા અને ડેડીયાપાડાના આદિવાસી વિસ્તારના ૨૧૬ ગામોને પીવાનું પાણી મળી રહે તે યોજના, મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના તથા પર્યાવરણની સુરક્ષા માટે ઈ-ટુ વ્હીકલ યોજના અમલમાં મૂકી છે. અંતમાં તેઓએ જણાવેલ કે, પોતાની રાજકીય કારકિર્દીની પ્રથમ ચૂંટણી રાજકોટમાંથી લડી રાજકીય ક્ષેત્રે આગેકુચ કરનાર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોનાના કપરા કાળમાં દેશભરમાં એક ઉમદા નેતૃત્વ પુરું પાડ્યું છે. ત્યારે નવા ગુજરાતના નિર્માણનું તેમનું સ્વપ્ન સાકાર કરવામાં આપણે પણ હાથ મિલાવીએ.

આ પ્રસંગે રાજ્યના ગ્રામીણ વિકાસ વિભાગના સચિવશ્રી વિજય નેહરાએ જણાવેલ કે, મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ



યોજનાની પરિકલ્પનાથી પ્રારૂપ સુધીની સફરમાં મુખ્યમંત્રીશ્રીનું માર્ગદર્શન અને પ્રેરણા ખુબ મળ્યા છે. આત્મનિર્ભર ભારતના નિર્માણમાં આ યોજના ખુબ મદદરૂપ થશે.

આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા ડે.મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયાએ જણાવેલ કે, તા. ૧૭-૯-૨૦૨૦ના રોજ દેશના માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસે ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનું ઈ-લોન્ચિંગ કરવાના આજના શુભ પ્રસંગે ઉપસ્થિત માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ઉપરાંત ઉપસ્થિત તમામ મહાનુભાવો, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ સહિત સૌનું હું હાર્દિક સ્વાગત કરૂ છું. કોરોના વાયરસની મહામારીમાં દેશભરમાં અને રાજ્યમાં અનેક લોકોને આર્થિક રીતે વિકટ સ્થિતિનો સામનો કરવો પડ્યો છે ત્યારે ગુજરાત રાજ્યના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ૧૦ લાખ મહિલાઓને શૂન્ય ટકા વ્યાજે લોન ધિરાણ આપવા માટે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના શરૂ કરવામાં આવી રહી છે. આ માટે રાજ્ય સરકારશ્રી ખરેખર અભિનદનને પાત્ર છે. કોરોનાથી ઉભી થયેલી વિકટ આર્થિક પરિસ્થિતિમાં રાજ્યનાં અર્થતંત્રને પુનઃવેગવંતુ કરવા માટે ગુજરાત સરકારશ્રી દ્વારા જે આત્મનિર્ભર પેકેજ જાહેર કરવામાં આવેલ છે તેમાં આ યોજનાનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. રાજય સરકારશ્રી દ્વારા મહિલાઓને આર્થિક રીતે પગભર સક્ષમ બનાવવા માટે વિવિધ યોજનાઓ વખતો વખત અમલમાં મુકવવામાં આવતી રહે છે. જેમાં આજે વધુ એક ઉમદા યોજનાનો ઉમેરો થવા જઈ રહયો છે. આજના અવસરે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનું ઇ-લોન્ચીંગ કરી રાજ્યની મહીલાઓને માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ઉમદા ભેટ આપવા જઇ રહ્યા છે જે ખુબ જ આનંદની બાબત છે. ગુજરાતમાં લગભગ તમામ ક્ષેત્રો માટે કોઈ ને કોઈ યોજનાની ભેંટ આપી ચૂકેલા માન મુખ્યમંત્રીશ્રીએ સૌની કાળજી લઈ પોતાની સંવેદનશીલતા દર્શાવી છે અને એ માટે આપણે સૌ તેમના પ્રત્યે ખુબ જ ગૌરવની લાગણી અનુભવીએ છીએ. આ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા રૂા.૧૭૫ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત રાજ્યના ગ્રામીણ ક્ષેત્રમાં ૫૦ હજાર અને શહેરી વિસ્તારમાં ૫૦ હજાર એમ કુલ ૧ લાખ જોઈન્ટ લાયાબિલિટી એન્ડ અર્નિંગ ગ્રુપ-મહિલા જૂથની રચના કરાશે. આવા પ્રત્યેક જૂથમાં ૧૦ મહિલાઓને સહભાગી બનાવીને કુલ ૧૦ લાખ બહેનોને કુલ રૂા.૧ હજાર કરોડ સુધીનું ધિરાણ આ યોજના હેઠળ તબક્કાવાર આપવાનું રાજ્ય સરકારશ્રી દ્વારા આયોજન કરાયેલું છે. સરકારશ્રીની આ યોજનાના સફળ અમલીકરણ માટે રાજકોટ મહાનગરપાલિકા અત્યંત ગંભીરતાથી અને માનવીય સંવેદના સાથે પોતાના પુરેપુરા પ્રયાસો કરશે અને મહત્તમ બહેનોને તેનો લાભ મળે તેવી શુભેચ્છા પાઠવું છું.

આ પ્રસંગે રાજકોટ નાગરિક સહકારી બેંકના પૂર્વ ચેરમેનશ્રી કલ્પકભાઈ મણીઆર એ જણાવેલ કે, સંવેદનશીલ મુખ્યમંત્રીએ માતા અને બહેનો પ્રત્યેની પોતાની ભાવના આજે વ્યક્ત કરી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૦માં જન્મદિન નિમિત્તે રાજ્યમાં ૭૦ સ્થળોએથી એકસાથે આ યોજના લોન્ચ કરી, તે અભિનંદનને પાત્ર છે. આ યોજનાના વિચારબીજ પાછળ રાજકોટ છે. રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા ૧૦ વર્ષથી ખુબ ઓછા વ્યાજના દરથી આ યોજના અમલમાં છે. પરંતુ ગુજરાત સરકારે વ્યાજ વગર આ યોજના શરૂ કરી જે સરાહનીય છે. આ યોજના મહિલાઓના ઉત્કર્ષમાં ખુબ જ ઉપયોગી થાશે તેવી આશા છે.

આ યોજનાના લોન્ચિંગ દરમ્યાન મુખ્યમંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં રાજ્ય સરકાર તથા ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક, આઈ.સી. આઈ.સી.આઈ. બેંક, એચ.ડી.એફ.સી. બેંક, એક્સીસ બેંક તથા કોટક બેંક સહિતની વિવિધ બેન્કો સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ. બાદમાં આ યોજનાની ડોક્યુમેન્ટરી દર્શાવવામાં આવેલ. જયારે રાજકોટ ખાતે આ કાર્યક્રમ દરમ્યાન સહર સખી મંડળ, ફેમિલી સખી મંડળ, શિવશક્તિ સખી મંડળ, અમરનાથ સ્વ-સહાય જૂથ, મેઘા સખી મંડળ, કૈલાશધામ સખી મંડળ, ઉત્કર્ષ સખી મંડળ, વતન સખી મંડળ, જીયા સખી મંડળ તથા સુહાના સખી મંડળને અનુક્રમે કેનેરા બેંક, સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, દેના બેંક, બેંક ઓફ ઈન્ડિયા, આઈ.સી.આઈ.સી.આઈ. બેંક અને યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા લોન મંજુરીના પત્રો અર્પણ કરવામાં આવેલ.

આ કાર્યવાહીમાં રાજકોટ મહાનગર-પાલિકાને લીડ બેંક એસ.બી.આઈ.ના મેનેજર શ્રી આર. જે. ઠાકર તરફથી ઉત્સાહવર્ધક સંકલન અને સહકાર પ્રાપ્ત થયા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં કાર્યક્રમની રૂપરેખા આપતા મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવેલ કે, કોરોનાની વૈશ્વિક મહામારી વખતે અર્થતંત્રને પુનઃવેગવંતુ બનાવવા અને વિકાસ પ્રક્રિયાને પુનઃ વેગ આપવા સરકારશ્રી દ્વારા જુદી જુદી યોજનાઓ અમલમાં મુકાઈ રહી છે તે અંતર્ગત આજરોજ મુખ્યમંત્રીશ્રી દ્વારા મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનું ઈ-લોન્ચિંગ થઇ રહ્યું છે. અગાઉ સરકારશ્રી દ્વારા વહાલી દીકરી, અભયમ્, ૧૮૧ તથા પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના જેવી અનેકવિધ યોજના અમલી બનાવાઈ છે. ત્યારે આજે લોન્ચિંગ થઇ રહેલ યોજના શિરમોર છે. તેના કારણે ૧૦ લાખ જેટલી માતાઓ બહેનો આર્થિક ઉપાર્જનની સાથોસાથ સ્વાવલંબી પણ બનશે.

આ કાર્યક્રમ દરમ્યાન શહેરની બાઈસાહેબબા ગર્લ્સ સ્કુલની વિદ્યાર્થીની કુ. કલ્પના અગ્રાવતે પોતાની આગવી ભાષામાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી કાળથી શરૂ કરી અત્યારસુધી સ્ત્રી સશક્તિકરણ અને નારી સુરક્ષા માટે તેઓએ જે જે કાર્યો કર્યા છે તે વર્ણવી શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.



ઈ-ન્યુઝલેટર સ્માર્ટ રાજકોટ

# માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ રાજકોટ સિવિલ હોસ્પિટલની વર્ચ્યુઅલ મુલાકાત લઇ સમીક્ષા કરી :

## માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ પણ વર્ચ્યુઅલ મુલાકાતમાં જોડાયા : કોવીડ હોસ્પિટલમાં અપાતી સારવારથી સંતોષ વ્યક્ત કરતાં દર્દીઓ

કોરોના સંક્રમણને ધ્યાને લઈ રાજકોટ સીવીલ હોસ્પિટલમાં અપાતી સારવાર સંદર્ભે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઈ પટેલે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સીવીલ હોસ્પિટલની વર્ચ્યુઅલ મુલાકાત લઈ કોરોના સંક્રમિત દર્દીઓ તેમજ તેમની રાત–દિવસ જોયા વગર ખડે પગે રહી સારવાર કરી રહેલા ડોક્ટરો તથા નર્સ સાથે સીધો સંવાદ સાધ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, રાજ્યમાં કોરોના સંક્રમણ ફેલાતું અટકે અને લોકોને વધુ સારી આરોગ્ય સુવિધા મળી રહે તે સરકારની નેમ છે, આ માટે રાજ્યની સરકારી હોસ્પિટલોમાં વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ બનાવી ધન્વંતરી રથની સાથે સર્વેલન્સની સઘન વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

રાજકોટમાં કોરોના સંક્રમણને અટકાવવા હાથ ધરાયેલા આ પ્રયાસોને બિરદાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ૧૦૪ની સુવિધા સાથે સંજીવની રથ દ્વારા ઘરે રહી સારવાર લઈ રહેલા લોકોના ઘરે જઈને તેની વિનામૂલ્યે તબીબી તપાસ અને સારવાર પણ કરવામાં આવી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ સિવિલ હોસ્પિટલમાં જાનની પરવા કર્યા વગર દિવસ–રાત લોકોની સેવા કરી રહેલા ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ એવા તબીબો અને આરોગ્ય કર્મીઓને તેમના કાર્ય બદલ અભિનંદન પાઠવી આઈ.સી.યુ.માં રહેલા દર્દીઓની દિવસમાં બે વખત સીનીયર ડોક્ટરો દ્વારા વીઝીટ કરવા જણાવ્યું હતું. તેમણે સરકારી હોસ્પિટલમાં સારવાર માટેની જવાબદારી સરકાર સંનિષ્ઠતા સાથે વહન કરી રહી છે, તેમ પણ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી તથા નાયબ મુખ્યમંત્રીશ્રીને રાજકોટ સિવિલ હોસ્પિટલની વર્ચ્યુઅલ મુલાકાત કરાવતા ડોક્ટર સંજય કાકડીયાએ હોસ્પિટલમાં ઉપસ્થિત સુવિધાઓ જેવી કે, વેન્ટિલેટર, ઓક્સિજન, બેડ વગેરેની સાથે હોસ્પિટલમાં દાખલ દર્દીઓ અને તેમને અપાતી સારવાર બાબતની વિસ્તૃત વિગતો આપી હતી.

આ તકે મુખ્યમંત્રીશ્રી તથા નાયબ મુખ્યમંત્રીશ્રીએ હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી તેમને મળી રહેલ સારવાર સંબંધે પૃચ્છા કરતાં દર્દીઓએ તેમને મળતી સારવાર બાબતે સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીની રાજકોટ સિવિલ હોસ્પિટલની આ વર્ચ્યુઅલ મુલાકાત વેળાએ અગ્ર સચિવશ્રી જ્યંતિ રવી, સચિવશ્રી મીલીન્દ તોરવણે, ઉદ્યોગ કમિશનરશ્રી ડૉ. રાહુલ ગુપ્તા, કલેકટરશ્રી રેમ્યા મોહન, મ્યુનિ. કમિશનરશ્રી ઉદીત અગ્રવાલ ઉપસ્થિત રહયાં હતા.

### મુખ્યમંત્રીશ્રી સાથે થયેલ સંવાદના અંશો

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વર્ચ્યુઅલ ટૂર દરમ્યાન રાજકોટના ૨૧ વર્ષના યુવક મેહુલ જાદવ સાથે વાતચીત કરીને તેને મળતી સારવારનો ખ્યાલ મેળવ્યો હતો. સિવીલ હોસ્પિટલમાં તેને મળેલી સારવાર અંગે સંતોષ વ્યક્ત કરતા મેહુલે કહ્યું હતું કે, અહીં મને શ્રેષ્ઠ સારવાર મળી રહી છે. આ પહેલા મારી કિડની યોગ્ય રીતે કામ ન કરતા મારે ડાયાલીસીસ કરાવવુ પડે તેવી નોબત આવી. આવા સંજોગોમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. આ સારવારનો ખર્ચ પરવડે તેમ ન હોવાથી, સિવીલ હોસ્પિટલમાં સારવાર લેવાનું નક્કી કર્યું. મારા ઘર પાસે સંજીવની રથ આવ્યો હતો. જેમાં મને ગળામાં દુઃખતું હોવાથી ચેકીંગ કરાવ્યું હતું. જેનો રિપોર્ટ પોઝીટીવ આવતા હું સિવીલમાં કોરોનાની સારવાર લઈ રહ્યો છું. તે દરમ્યાન મારે ડાયાલીસીસની જરૂર પડતા મને તાત્કાલીક સારવાર આપવામાં આવી. અહીં મળેલી શ્રેષ્ઠ સારવાર બાદ હવેથી હું મારા ડાયાલીસીસ સિવીલ હોસ્પિટલમાં કરાવવાને જ પ્રાથમિકતા આપીશ.

આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ અન્ય દર્દીઓ ફરજ બજાવતા ડોક્ટરો તથા પત્રકારો સાથે મુલાકાત કરીને સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

## ‘‘કોરોના સે ડર કે નહીં, લડ કે જીતના હૈ‘‘ ના સંદેશા સાથે ૬૦ વર્ષથી વધુ ઉંમરના વયોવૃધ્ધ વ્યકિતઓ બન્યા કોરોના મુક્ત

**************************

## ઋણાનુબંધ શબ્દોના સુરના સાથે રાજકોટ કોવીડ-૧૯ હોસ્પિટલના આરોગ્યકર્મીઓનો આભાર માનતા આત્મજનો

‘‘મારા મમ્મી આજે મારી સાથે છે, તો એ માત્ર રાજકોટ કોવીડ–૧૯ હોસ્પિટલના આરોગ્ય કર્મીઓની આત્મીયતા સભર સારવાર અને દર્દીમાટે ખડે પગે રહીને કરેલી મહેનતનું પરિણામ છે.’’ આ ઋણાનુબંધ શબ્દો છે ૩૧ ઓગષ્ટના રોજ કોરોનાથી મુક્ત થઈને જેતપુર પરત ફરેલા ૬૨ વર્ષીય વનીતાબેન જોગીના પુત્ર કમલેશભાઈ જોગીના.

૧૮ મી ઓગષ્ટના રોજ કોરોનાથી સંક્રમિત થયા બાદ સારવાર લઈને હાલ સંપૂર્ણ સ્વસ્થ થયેલા વનીતાબેનને સિવિલમાં મળેલી સારવાર અંગે સંતોષ વ્યકત કરતાં તેમના પુત્ર કમલેશભાઈએ જણાવ્યું હતું કે, ‘‘મારી માતાને કોરોના પોઝીટીવ આવતા શરૂઆતમાં અમને થોડો ડર લાગ્યો હતો. કારણે કે એક તો તેમની ઉંમર વધુ છે અને ઓક્સિજન રેટ પણ ઓછો હતો. પરંતુ તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ અમારી બધી ચિંતા કોવીડ–૧૯ હોસ્પિટલના આરોગ્ય કર્મીઓની સંનિષ્ઠ કામગીરીએ દૂર કરી.’’

કમલેશભાઈના માતૃશ્રીની જેમ રાજકોટ કોવીડ–૧૯ હોસ્પિટલમાં આરોગ્ય કર્મીઓની પારિવારીક હુંફ મેળવીને કોરોનાને મ્હાત આપેલા ૬૫ વર્ષીય રમેશભાઈ જાદવે કહ્યું હતું કે,‘‘મને શરદી, ઉધરસની દવા લેવાથી કોઈ ફેર પડ્યો નહોતો. તેમજ ખાનગી હોસ્પિટલમાં તપાસ કરતાં ખબર પડી કે ઓક્સિજન રેટ પણ ઓછો છે. તેથી ડોકટરની સલાહ લઈને ટેસ્ટ કરાવતા મને કોરોના પોઝીટીવ આવતા સમય સુચકતા રાખીને રાજકોટ સિવિલમાં દાખલ થયો હતો. હું ૬૦ વર્ષ વટાવી ગયો હોવાથી થોડો ડરી ગયો હતો, કે હવે શું થશે ! ઉપરથી પરિવાર સાથે નથી પણ હોસ્પિટલના સ્ટાફે મને ઘર જેવું વાતાવરણ પુરૂં પાડ્યું છે. દિકરાએ ફોન આપ્યો હતો એટલે હોસ્પિટલના સ્ટાફની મદદથી રોજ ઘરે વાતચીત થઈ જતી.’’

રમેશભાઈ જાદવની વાતને અનુમોદન આપી જુસ્સાભેર કોરોના સામે લડાઈ લડીને સ્વસ્થ થયેલા ૬૨ વર્ષીય બહાદુરભાઈ પરમારે પણ કોરોના વોર્ડના આરોગ્ય કર્મીઓની કર્તવ્યપરાયણતાને બિરદાવી હતી. સાથો સાથ કોરોનાથી સંક્રમિત થઈને સ્વસ્થ થયેલા ૬૨ વર્ષીય ધનજીભાઈ પોશીયાએ પણ કોવીડ–૧૯ વોર્ડમાં કામ કરતા દરેક કર્મચારીઓની કાબિલેદાદ કામગીરીનો આભાર માન્યો હતો.

રાજ્યના દરેક નાગરિકને કોરોનાથી રક્ષિત કરવા છેલ્લા ૬ મહિનાથી પરિવાર સાથે અંતર જાળવીને, સંક્રમિત વિસ્તારોમાં જઈને લોકોને આરોગ્યની તપાસ કરીને, બાળકો અને વયોવૃધ્ધ વડીલોની સેવા અને સુશ્રુષા કરતાં આરોગ્ય કર્મીઓએ ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને કોરોના મુક્ત કરીને આપણને સૌને સંદેશો આપ્યો છે કે,‘‘કોરોના સે ડર કે નહીં લડ કે જીતના હૈ.’’



‘લોકોને વધુ સારી આરોગ્ય સુવિધા ઉપલબ્ધ બનાવી તેમને કોરોના મૂક્ત બનાવવાની સરકારની નેમ.’

- મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી






ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ

# રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવશ્રી ડો. જયંતિ રવિએ શહેરની વિવિધ NGO સાથે પરામર્શ કર્યોઃ



રાજકોટ શહેરમાં પ્રવર્તમાન કોરોના મહામારીની પરિસ્થિતિ વચ્ચે રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવશ્રી ડૉ. જયંતિ રવિએ તા.૧–૯–૨૦૨૦ના રોજ મનપા કચેરી ખાતે શહેરની વિવિધ સામાજિક સેવાકીય સંસ્થાઓના હોદ્દેદારો સાથે એક ખાસ બેઠક યોજી જુદાજુદા મુદ્દાઓ અંગે પરામર્શ કર્યો હતો.

આ બેઠકમાં રાજકોટ જીલ્લાના પ્રભારી વરિષ્ઠ આઈ.એ.એસ. અધિકારી શ્રી રાહુલ ગુપ્તા, સિનિયર આઈ.એ.એસ. અધિકારીશ્રી મિલિન્દ તોરવણે, મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ, ખાસ અધિકારીઓ શ્રી રવીન્દ્ર ખતાલે (આઈ.એ.એસ.) તથા શ્રી મેહુલ દવે અને રાજકોટ મનપાના નાયબ કમિશનરશ્રીઓ તેમજ અન્ય અધિકારીશ્રીઓ ઉપરાંત રાજકોટ ચેમ્બર, ટી પોસ્ટ પ્રા.લિ., બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ, શ્રી કાનુડા મિત્ર મંડળ, શ્રી માનવ કલ્યાણ મંડળ, લાઈફ બ્લડ સેન્ટર, રાજકોટ હોટલ એસો., પ્રોજેક્ટ લાઈફ રિસર્ચ, પ્રોજેક્ટ લાઈફ રાજકોટ, સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસો., ખોડલધામ, સમસ્ત પાટીદાર સમાજ, પુરૂષાર્થ યુવક મંડળ, રાજકોટ એન્જીનીયરીંગ એસો., રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, બી.એ.પી.એસ., શ્રીરામકૃષ્ણ આશ્રમ, કેમિસ્ટ એસોસિએશન રાજકોટ, આર્ટ ઓફ લિવિંગ, વાત્સલ્ય ટ્રસ્ટ, કર્મયોગ મંદિર ટ્રસ્ટ, એસ.એચ.પી.સી. ટ્રસ્ટના હેદેદારો વગેરે ઉપસ્થિત રહયા હતાં.

અગ્ર સચિવશ્રી ડૉ. જયંતિ રવિએ મીટિંગમાં ઉપસ્થિત આગેવાનોને સંબોધન કરતા એમ કહ્યું હતું કે, હાલ માત્ર ભારત દેશ જ નહી પરંતુ સમગ્ર વિશ્વ કોરોના મહામારી સામે લડી રહ્યું છે ત્યારે વહીવટી તંત્રને એન.જી.ઓ. તથા નાગરિકોના સાથ સહકારની પણ એટલી જ આવશ્યકતા છે. કોરોના સંક્રમણની કડી તોડવા સૌનો સહયોગ જરૂરી છે. ૧૦૮ ની ઈમરજન્સી સેવા જે રીતે શહેરમાં ખુબ જ ઉપયોગી અને લોકપ્રિય છે. એવી જ રીતે ૧૦૪ સેવા રથ, ધનવંતરી રથ અને સંજીવની રથની પણ લોકોમાં સહજ રીતે ઉપલબ્ધ છે અને ઝડપથી નાગરીકોમાં લોકપ્રિય બને તે સૌના હિતમાં છે. અમદાવાદમાં ૧૦૪ સેવા રથ અને ધનવંતરી રથની સેવાઓથી કોરોનાની મહામારી ઉપર અંકુશ મેળવવામાં સફળતા મળી રહી છે. મહદ અંશે કોરોના પર કન્ટ્રોલ કરાયો છે. નાગરિકો સતત હેન્ડ વોશ (હાથ ધોતા રહે) કરે અને માસ્ક પહેરે તો કોરોનાના ચેપથી બચી શકાય છે.

ડૉ. જયંતિ રવિએ વધુમાં એમ કહ્યું હતું કે, આપણે સૌએ કોરોનાથી બચવા માટેના પ્રયાસોનો સતત વ્યાપક પ્રચાર પ્રસાર કરવા જન આંદોલન છેડવાની જરૂરિયાત છે. સમાજમાં સારો મેસેજ પ્રસરે અને લોકો વધુ જાગૃત અને સતર્ક બને તે માટે સૌ આગેવાનો હેન્ડ વોશનો વિડીયો સૌની સાથે શેર કરે તેવી અપીલ છે. હાઈ સુગર ડાયાબીટીસ, ટી.બી., હાઈ બી.પી. જેવી બીમારી ધરાવતા વધુ ઉમરવાળા લોકો કોરોનાથી વધારે સાવચેત રહે તેની સૌ કાળજી રાખવી જોઈએ. અત્યારી નિત્ય અવનવી અફવાઓ ફેલાતી રહેતી હોય છે. જેનાથી નાગરિકોએ બચવું જોઈએ. આપણે સૌએ પોઝિટિવ મેસેજ ફેલાવવો જોઈએ. રાજકોટમાં સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલોમાં પણ કોરોનાના દર્દીઓ માટે પુરતી સંખ્યામાં બેડ ઉપલબ્ધ છે ત્યારે કોઈએ બેડ ઓછા હોવા અંગેની કોઈપણ અફવાથી પ્રેરાવું કે ભયભીત થવું ના જોઈએ. સાચી વાત અને સાચો મેસેજ લોકો શેર કરે તે સૌના હિતમાં છે. રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન અને સૂચન મુજબ ધનવંતરી રથ લોકોના ઘરના ફળિયા પાસે જઈને નિદાન સારવાર સહિતની સેવાઓ આપી રહેલ છે તે મેં આજે શહેરના વિવિધ વિસ્તારોમાં રૂબરૂ જઈને નિહાળ્યું છે.

ખાસ અધિકારી શ્રી મિલિન્દ તોરવણેએ ઉપસ્થિતોને એવું સૂચન કર્યું હતું કે, નાગરિકો કોરોનાના ટેસ્ટ કરાવવાથી ઘબરાય નહી. કોરોના પોઝિટિવનું નિદાન થાય તો પણ કર્યા વિના સારવાર લેવી જોઈએ. રાજકોટમાં રિકવરી રેટ સારો છે. જેટલું વહેલું કોરોના પોઝિટિવનું નિદાન થશે સારવાર એટલી જ વધુ કારગત અને સરળ બનશે.

મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે મીટિંગના પ્રારંભે એમ કહ્યું હતું કે, રાજકોટ શહેરમાં મહાનગરપાલિકા દ્વારા કુલ ૫૦ ધનવંતરી રથ લોકોની સેવામાં કાર્યરત્ત છે. સાડા ત્રણસો જેટલા આશા બહેનો સર્વેલન્સની કામગીરી કરી રહયા છે. પાંચ દિવસ પહેલા ત્રણ ૧૦૪ સેવા રથ શહેરમાં શરૂ કરાયા બાદ આજે વધુ સાત એટલે કે કુલ દસ ૧૦૪ સેવા રથ શરૂ કરી દેવાયા છે. લોકો ટેસ્ટ કરાવતા ડરે છે. લોકોનો ભય દુર કરવા એન.જી.ઓ. આગળ આવે તંત્રને સહયોગ કરે તેવી અપીલ છે. હોમ આઈસોલેશન થયેલ વ્યક્તિની મહાનગરપાલિકા દ્વારા દરરોજ ટેલીફોનીક સારસંભાળ લેવામાં આવે છે. જરૂરિયાત જણાય તો ચેકઅપ માટે મેડિકલ ટીમો પણ ઉપલબ્ધ છે. મહાનગરપાલિકા દ્વારા હોમ આઈસોલેશનની સેવા સંપૂર્ણ ફ્રી છે. મહાનગરપાલિકા દ્વારા શહેરના સીનીયર સીટીઝન વ્યક્તિઓને તેમના ઘેર જઈને સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવે છે.












## ગ્રીનલેન્ડ ચોકડી ખાતે પ્રાઈવેટ બસ મારફત રાજકોટ બહારથી આવતા મુસાફરોનું સ્ક્રીનીંગ અને ટેસ્ટીંગ કરતી રાજકોટ મહાનગરપાલિકા

## કોરોનાનો ચેપ લાગતો અટકાવવા બહારથી આવતા મુસાફરોનું સ્થળ પર જ સ્ક્રીનીંગ અને ટેસ્ટીંગ કરાયુંઃ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ



કોરોના સંક્રમણને રોકવા માટે મહાનગરપાલિકા દ્વારા રાજકોટ બહારથી આવતા મુસાફરોનું બસમાંથી ઉતરતાની સાથે જ સ્ક્રીનીંગ અને ટેસ્ટીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં મુસાફરી કરતા મુસાફરોનું ટેસ્ટીંગ અને સ્ક્રીનિગ કરવાથી કોરોના પોઝિટિવ દર્દી દ્વારા અન્ય વ્યક્તિઓને ચેપ લાગતો અટકાવી શકાય છે, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

મ્યુનિ. કમિશનરશ્રીએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજકોટ શહેરની બહારથી આવતા મુસાફરો માટે એસ.ટી. બસ સ્ટેશન ખાતે મહાનગરપાલિકા દ્વારા ચેકઅપ કામગીરી કરવામાં આવી જ રહી છે. ઉપરાંત થોડા મુસાફરો એવા પણ હોય છે કે જે લોકો શહેરની બહારના સ્ટોપ પર ઉતારતા હોય છે. તો આવા મુસાફરો માટે મહાનગરપાલિકા દ્વારા પ્રાઈવેટ બસ સ્ટોપ ખાતે ઉતારતા મુસાફરોનું સ્થળ પર જ સ્ક્રીનીંગ અને ટેસ્ટીંગ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ગ્રીનલેન્ડ ચોકડી ખાતે પ્રાઈવેટ બસના મધ્યમાંથી રાજકોટ બહારથી આવતા મુસાફરોનું મનપા દ્વારા સ્ક્રીનીંગ અને ટેસ્ટીંગ કામગીરી હાથ ધરવામાં આવી છે. સ્ક્રીનીંગ અને ટેસ્ટીંગ દરમ્યાન જો કોઈ પણ મુસાફરને શંકાસ્પદ લક્ષણો જણાય છે તો તેમને જરૂરી સારવાર અર્થે ખસેડવામાં આવે છે.

આ કામગીરી કરવાથી કોરોના પોઝિટિવ દર્દીથી ફેલાતો ચેપ અટકાવી શકાય છે. જે વ્યક્તિઓને કોરોના પોઝિટિવ નોંધાય છે તેમને પ્રાથમિક તબક્કામાં જ સારવાર આપી શકાય છે. લોકોએ ટેસ્ટીંગ કરાવવાથી ગભરાવાની જરૂર નથી. પ્રાથમિક તબક્કામાં નોંધાયેલ કોરોનાથી સંકરણ અને સારવાર બંને આસાન બને છે, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.



## એક નવી પહેલ.....સાથી હાથ બઢાના....



# રાજકોટમાં COVID-19 કોમ્યુનિટી આઈસોલેશન સેન્ટર રાજ્યના આરોગ્ય અગ્રસચિવશ્રી ડૉ. જયંતિ રવિના વરદ્ હસ્તે ખુલ્લું મુકાયુ



**"ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા એક નવરત પ્રયોગ કરવામાં આવેલ છે. રાજકોટ શહેરમાં કોઈ એક જ કોમ્યુનીટી નહિ પણ સમસ્ત સમાજ માટે કામ કરતી સંસ્થા દ્વારા કરાયેલી નવી પહેલ અભિનંદનને પાત્ર છે. એકલા હાથે કાર્ય ઝડપથી પૂર્ણ નહિ થાય સૌ સાથે મળી સહભાગી બનીએ અને મહામારીમાંથી બહાર આવીએ."**

**- માન. શ્રી ડૉ. જયંતિ રવિ, આરોગ્ય અગ્રસચિવશ્રી, ગુજરાત રાજ્ય**

ગત માર્ચ-૨૦૨૦થી કોરોના સામે એકધારી લડત ચલાવી રહેલી રાજકોટ મહાનગરપાલિકા અત્યારે કોરોના વાયરસના સંક્રમણની કડી તોડવા સઘન પ્રયાસો કરી રહી છે અને આ પ્રયાસોમાં લોકોનો સહયોગ પણ એટલો જ ઉપયોગી અને મહત્વપૂર્ણ પૂરવાર થઈ રહ્યો છે. આવા વિકટ સમયમાં શહેરના વિવિધ ક્ષેત્રોમાંથી નાગરિકો કોઈ ને કોઈ રીતે મહાનગરપાલિકાને સહયોગ આપી રહ્યા છે ત્યારે મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલના માર્ગદર્શન હેઠળ શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ અને તેની સહયોગી સંસ્થાઓ દ્વારા એક નવી પહેલ હાથ ધરી સુતાર જ્ઞાતિજનો માટે કોવિડ-૧૯ કોમ્યુનિટી આઈસોલેશન સેન્ટર તૈયાર કરવામાં આવેલ છે. ગઈકાલે રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવશ્રી ડૉ. જયંતિ રવિના વરદ્ હસ્તે આ આઈસોલેશન સેન્ટર ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટના પ્રભારી સચિવ અને પૂર્વ કલેકટર શ્રી રાહુલ ગુપ્તા, મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ, ડી.ડી.ઓ. શ્રી અનીલ રાણાવસિયા, રાજકોટ મહાનગર--પાલિકામાં હાલ ખાસ અધિકારીઓ તરીકે નિયુક્ત થયેલા શ્રી રવિન્દ્ર ખટાલે (આઈ.એ.એસ.) અને એડિશનલ કલેકટર શ્રી મેહુલ ગુપ્તા ઉપરાંત પ્રમુખશ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ રસિકભાઈ ડી. બદ્રકીયા તથા શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ-સહયોગી સંસ્થાના ઉત્સાહી અગ્રણીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

કોમ્યુનિટી આઈસોલેશન સેન્ટર ખુલ્લું મુકતા અગ્ર સચિવ શ્રી જયંતિ રવિએ એમ જણાવ્યું હતું કે, આજે ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા એક નવરત પ્રયોગ કરવામાં આવેલ છે, રાજ્યમાં સૌ પ્રથમ સુરત બાદ રાજકોટ શહેરમાં આ પ્રકારે સેન્ટર ખોલવામાં આવેલ છે. આ નવતર પ્રયોગના માધ્યમથી અન્ય સંસ્થા પણ આગળ આવે, કોઈ એક જ કોમ્યુનીટી નહિ પણ સમસ્ત સમાજ માટે કામ કરતી સંસ્થા આગળ આવે અને સમાજ માટે પ્રેરણાદાયી કામગીરીમાં સહયોગ આપે. એકલા હાથે કાર્ય ઝડપથી પૂર્ણ નહિ થાય સૌ સાથે મળી સહભાગી બનીએ અને મહામારીમાંથી બહાર આવીએ. સૌએ સાથે રહેવું પડશે અને કોરોના વાઈરસની સંક્રમણ ચેઈન તોડવી પડશે. આજના આ સારું પગલું સંસ્થાનું સારું કામ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ સરના નેતૃત્વમાં મેહુલ દવે આ કોમ્યુનિટી આઈસોલેશન સેન્ટર સાકાર થયું. જ્યાં સુધી કોરોના વાઈરસની વેક્સીન ન આવે ત્યાં સુધી દરેક સભ્ય - દરેક સમાજે સહયોગ અને સાથ આપવાનો છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને પણ આ સેન્ટર વિશે જાણ કરી છે. અન્ય સમાજ માટે પ્રેરણાદાયી બને તેવું પગલું ગુર્જર સુતાર જ્ઞાતિએ ભર્યું છે.

આ પ્રસંગે મનપાના નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડૉ. મનીષ ચુનારાએ કોરોના અંગે માર્ગદર્શન આપતા કહ્યું હતં કે, લોકોએ ગભરાવાની જરૂર નથી, સાવચેતી રાખવી જરૂરી છે, જો કોઈપણ વ્યક્તિને કોરોના અંગેના હળવા લક્ષણો જણાય તો તુર્ત જ મહાનગરપાલિકાના નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરાવો, મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ૨૧ આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે, વધુમાં મહાનગરપાલિકા દ્વારા ધનવંતરી રથ, સંજીવની રથ, ૧૦૪ સેવા રથ અને કોવિડ-૧૯ ટેસ્ટીંગ વ્હીકલ સેવા શહેરીજનોની સેવામાં કાર્યરત કરેલ છે. હાલમાં જ મહાનગરપાલિકા દ્વારા ઘરે ઘરે જઈને સર્વેલન્સની કામગીરી કરેલ છે, જેનાથી ઘરે ઘરેથી કોરોના અંગેના શંકાસ્પદ દર્દીઓની ઓળખ કરી તેમને વહેલી સારવાર આપવામાં આવી શકે. મહાનગરપાલિકા પોતાની કામગીરી પૂરજોશમાં કરી રહી છે સાથેસાથે આપણે સી પણ સહકાર આપવો જોઈએ, જેમકે, સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવું, માસ્ક પહેરવું અને વારંવાર સાબુથી હાથ સાફ કરવા. હાલની પરિસ્થિતિ અનુસંધાને હળવો ખોરાક લેવો, ગરમ પ્રવાહી લેવું, નિયમિત શરીરનું ઓક્સિજન ચેકઅપ કરાવવું, જો સામાન્ય લક્ષણો જેવા કે, શરદી, ઉધરસ અને તાવ આવે તો તુર્ત જ નજીકના આરોગ્ય કેન્દ્ર પર સારવાર કરાવો, વહેલી સારવાર કોરોના સંક્રમણને અટકાવવા મદદરૂપ થઈ શકે છે.

જ્ઞાતિના પ્રમુખશ્રીએ આઈસોલેશન સેન્ટર વિશે વાત કરતા હતું કે, જ્ઞાતિના અગ્રણીઓ સાથે માત્ર એક દિવસના સમયમાં સંકલન કરી અદ્યતન કોમ્યુનીટી આઈસોલેશન સેન્ટર બનાવવા અંગેનો નિર્ણય કરવામાં આવેલ. બધા અગ્રણીઓએ સહયોગ વ્યક્ત કર્યો અને એડી. કલેકટરશ્રી મેહુલ દવે અને મનપાના નાયબ આરોગ્ય અધિકારીશ્રી ચુનારા સાથે વાત કરતા માત્ર એક દિવસમાં વ્યવસ્થા ગોઠવી આપેલ.

આ આઈસોલેશન સેન્ટરમાં ડૉ. મુકેશભાઈ પંચાસરા સાથે ડૉ. દેવેન સંચાલીયા, ડૉ. ભરત વડગામા, ડૉ. રોહિત ભાલારા, ડૉ. અમી કરગથરા, ડૉ. હરેશ ભાદેલીયા, ડૉ. ભાર્ગવ પાટણવાડિયા વિગેરે દીકરો દ્વારા સેવા આપવામાં આવશે.

## કોવિડ-૧૯ કોમ્યુનીટી આઈસોલેશન સેન્ટર માટેની માર્ગદર્શિકા :-

### (૧) સેન્ટર ઉભું કરવા માટેનું ચેક લીસ્ટ :-

**સેન્ટરનું મકાન :-**

- જે તે સમાજની માલિકીનું હવા ઉજાસ સાથેનું મકાન હોવું જોઈશે. અપવાદરૂપ કિસ્સામાં શક્ય હશે તો જરૂી મંજુરી મેળવી રાજકોટ મહાનગર--પાલિકાના કોમ્યુનીટી હોલ ખાતે શરૂકરાયુ.
- કોઈપણ પ્રકારની આર્થિક સહાય મળવાની રહેશે નહી.
- બેડ અને તે સાથે દર્દીના કેસ પેપર રાખવા સ્ટુલની વ્યવસ્થા કરવાની રહેશે.
- ૧૦ વ્યક્તિ દીઠ ૧ બાથરૂમ અને ટોઈલેટની વ્યવસ્થા હોવી જોઈશે.
- સ્વતંત્ર રસોડું અને ભોજન કક્ષની વ્યવસ્થા કરવી.

**સેન્ટર ઉપર મેડીકલ ટીમ અને સારવારની વ્યવસ્થા :-**

- જે તે કોમ્યુનીટી આઈસોલેશન સેન્ટર ખાતે સારવાર માટે આવતા દર્દીઓની સારવાર માટે કેન્દ્રિય આરોગ્ય મંત્રાલય સંદર્ભે હોમ આઈસોલેશન માટે નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે તેનું પાલન કરવાનું રહેશે. જેની નકલ આ સાથે સામેલ.
- દર્દીની તબીબી પરીક્ષણ તેમજ સાર-સંભાળ માટે તજજ્ઞ ડોક્ટર તથા પેરામેડીકલ સ્ટાફની વ્યવસ્થા જે તે સમાજે ઉભી કરવા પોતાના સમાજના જ ડોક્ટર તેમજ પેરામેડીકલ સ્ટાફની સેવાઓ લેવાની રહેશે.
- આ તજજ્ઞ ડોક્ટરો તેમજ પેરામેડીકલ સ્ટાફની અઠવાડિક કાયમી સમયપત્રક તૈયાર કરવાનું રહેશે.

**સેન્ટર ઉપર અન્ય વહીવટી સ્ટાફ-વ્યવસ્થા :**

- સંકુલ ખાતે વહીવટી કામગીરી તેમજ હાઉસકીપિંગની આનુષાંગિક કામગીરી જે તે સામાજિક સંસ્થાએ સ્વતંત્રપણે સંભાળવાની રહેશે.
- સેન્ટર ચલાવવા માટે ઉપલબ્ધ બેડની સંખ્યા તેમજ દર્દીઓની સંખ્યા ધ્યાને રાખી માસ્ક, પી.પી.ઈ. કીટ તેમજ સેનીટાઈઝર રાજ્ય સરકાર દ્વારા પુરા પાડવામાં આવશે.
- સેન્ટરમાં સેનીટાઈઝેશનની કામગીરી જરૂરિયાત મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પૂરી પાડવામાં આવશે.
- સેન્ટર ઉપર તમામ દર્દીઓ તેમજ સેન્ટર ખાતેના ફરજ પરના તમામ સભ્યોએ માસ્ક ફરજીયાત પહેરવાના રહેશે.

**સેન્ટર ઉપર ભોજન વ્યવસ્થા :-**

- સેન્ટરમાં દાખલ થયેલ દર્દીઓ તેમજ સગા સંબંધીઓ તેમજ સ્ટાફ માટે ચા-નાસ્તો ભોજન વ્યવસ્થા તબીબી માર્ગદર્શન અનુસાર તેમજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવેલ અઠવાડિક મેનુ પ્રમાણે જે તે સંચાલક સંસ્થાએ વ્યવસ્થા પૂરી પડવાની રહેશે.



**મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા જ્ઞાતિજનો માટે 30 બેડની સુવિધા ધરાવતુંઆઈસોલેશન સેન્ટર તૈયાર કરાયું**

**સેન્ટરમાં સ્વચ્છતા અને વેસ્ટ ડિસ્પોઝલ :-**

- સેન્ટર પરના બાપો મેડિકલ વેસ્ટ તેમજ કિચન વેસ્ટ તેમજ અન્ય કચરો ધોરણસરની કાર્યરીતી અનુસરીને રાજકોટ મહાનગરપાલિકા ના રૂટની ગાડીમાં અલગ-અલગ આપવાનો રહેશે.

**સેન્ટર પર અન્ય પ્રવૃતિઓ :-**

- દાખલ થયેલ દર્દિઓને નિયનિત યોગા તેમજ પ્રાણાયામ કરાવવાનો રહેશે.
- દર્દિઓના મનપસંદ સાંસ્કૃતિક કાર્યક્રમો કરવું.
- બની શકે તો એલ.ઈ.ડી. દ્વારા પણ ચેનલના વિવિધ ક્રાર્યક્રમો પ્રદશિત કરવાનું આયોજન કરવું.

**સેન્ટરમાં દર્દીઓને પ્રવેશ આપવા માટેની પધ્ધતિ :-**

- નીચેનાં સ્થળેથી સેન્ટરમાં દર્દીઓને દાખલ કરવામાં આવશે. સ્થળ સામે સબંધિત નોડલ અધિકારીના નામ, નંબર દર્શાવવામાં આવેલ છે.
- દરેક કોમ્યુનીટી આઈસોલેશન સેન્ટરને લોગ-ઈન આપવામાં આવશે. જે દ્વારા સદર વેબસાઈટ પર ઉપલ્બધ યાદી મુજબના દર્દીઓ સાથે સંકલન કરી પ્રાથમિક પસંદગી કરવાની રહેશે.
- પ્રાથમિક પસંદગી યાદી મુજબ નક્કી કરેલ દર્દીઓને કોમ્યુનીટી આઈસોલેશન સેન્ટર સુધી ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા કરી આપવામાં આવશે.
- દર્દીઓને ઉપર મુજબના સ્થળથી જ શિફ્ટ કરી જે તે સબંધિત સેન્ટર પર એડમિશન આપવામાં આવશે. સેન્ટર પોતાની રીતે દર્દીઓને એડમીશન આપી શકશે નહી.
- શિફ્ટ કરવામાં આવેલ દર્દીઓને એડમીશન આપીને તે મુજબની નોંધ દરેક કોમ્યુનીટી આઈસોલેશન સેન્ટર દ્વારા લોગ-ઈન નાં માધ્યમ ઉપર પે વેબ-સાઈટ ઉપર કરવાની રહેશે.

### (૨)સેન્ટરમાં દર્દીઓની સારસંભાળ માટેની વ્યવસ્થા અને પધ્ધતિ :-

- સેન્ટર ઉપરના દાખલ થનાર દરેક દર્દીની નોંધ વેબ-સાઈટ ઉપર હોવી જોઈએ.
- દાખલ થનાર દર્દીસ્ટેબલ પ્રકૃતિના હોવાથી તેઓનું પ્રાથમિક ચેક-અપ સેન્ટરના મેડિકલ ટીમ દ્વારા કરી દર્દીને બેડ એલોટ કરવાનું રહેશે.
- ફિઝિશીયન (તજજ્ઞ) ડોક્ટર દ્વારા સેન્ટરના તમામ દર્દીઓનું દિવસમાં ઓછામાં ઓછું એક વાર પ્રાથમિક ચેક-અપ થવું જોઈએ.
- દર્દીના તબીયતમાં ફેરફાર આવે તાકિદે જરૂરીયાત ઉભી થાય તો દર્દીને ૧૦૮ અથવા પોતાની માલિકીની એમ્બ્યુલન્સ દ્વારા ધોરણસર રીતે હોસ્પિટલમાં તાકિદે દર્દીને શિફટ કરવાના રહેશે.

### (૩)દર્દીને સાજા થયા પછી ડિસ્ચાર્જ આપવાની પધ્ધતિ :-

- કોરાના સામાન્ય દર્દીસામાન્ય ૧૦ દિવસમાં સાજો થતો હોય છે, જેથી સેન્ટર ઉપરના દર્દીઓ બે ICMRની ગાઈડલાઈન મુજબ ધોરણસરના ડિસ્ચાર્જ કરવાના રહેશે.
- ડિસ્ચાર્જ આપવા યોગ્ય દર્દીઓની ડેટા-એન્ટ્રી એક દિવસ પહેલા સેન્ટર દ્વારા વેબ-સાઈટ પર કરવાની રહેશે.
- ડેટા-એન્ટ્રી યાદી મુજબના દર્દીઓના સગા-સબંધીઓને ડિસ્ચાર્જ બાબતની જાણ એક દિવસ આગોતરી કરી દેવાની રહેશે.
- ડિસ્ચાર્જનો સમય સામાન્યતઃ સવારનાં ૧૧:૦૦ કલાક થી બપોરના ૧:૦૦ કલાક સુધી રાખવાનો રહેશે.
- ડિસ્ચાર્જ આપતા પહેલાં દર્દીની પ્રાથમિક તપાસ ફિઝિશીયન (તજજ્ઞ) ડોક્ટર દ્વારા અવશ્ય કરી લેવાની રહેશે.
- ડિસ્ચાર્જ સમયે દર્દીને તેમજ સગા-સબંધીઓને કોરોના બિમારી અને તે બાબતે લેવાની કાળજી અંગે તૈયાર કરેલ પેમ્પલેટ વિગેરે મટીરીયલ આપી તે અંગેનું બ્રીફિંગ કરવાનું રહેશે.
- આરોગ્ય સેતુ એપ ને દર્દીઓના મોબાઈલ માં ફરજીયાત ડાઉનલોડ કરવાનું રહેશે.
- શક્ય બને તો દર્દીના વપરાશ માટે માસ્ક અને સેનેટાઈઝર સાથેની ડિસ્ચાર્જ કિટ આપવી રહેશે.
- દર્દીના ડિસ્ચાર્જ પછી તે અંગેની નોંધ વેબ-સાઈટ પર કરવાની રહેશે.







# એરપોર્ટ રેલ્વે ફાટક પહોળું કરવાની કામગીરી પૂર્ણઃ રૈયા રોડ પરનું ટ્રાફિક ભારણ હળવું થશેઃ

## મેયરશ્રી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી અને મ્યુનિ. કમિશનરશ્રી

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ટ્રાફિક પ્રશ્ન હલ કરવા ઓવરબીજ અને અન્ડરબ્રીજ સહિતના વિવિધ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત કિશાનપરા ચોકથી શરૂ થતા રૈયા રોડ પરના રેલ્વે ક્રોસિંગ ખાતે અન્ડરબ્રીજ બનાવવાની કામગીરી રેલ્વે મારફત પ્રગતિમાં છે, જેના અનુસંધાને ટ્રાફિક એરપોર્ટ રોડ પર ડાઈવર્ટ થાય છે પરિણામે એરપોર્ટ રેલ્વે ફાટક પર ટ્રાફિકનો પ્રશ્ન રહેતો હતો. જેના નિરાકરણ માટે મહાનગરપાલિકા એ રેલ્વે મારફત ફાટક પહોળું કરવાની કામગીરી શરૂ કરાવેલ. આ કામગીરી પૂર્ણ થતા રેલ્વે ફાટક ટુ – વે ના સ્વરૂપમાં પહોળું થઇ શક્યું છે. જેના પરિણામે હવે એરપોર્ટ રોડ અને રૈયા રોડ પરનું ટ્રાફિકનું ભારણ હળવું થશે, તેમ મેયરશ્રી બિનાબેન આચાર્ય, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ અને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલની સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું. રાજકોટ શહેરમાં હાલમાં આમ્રપાલી રેલ્વે ક્રોસીંગ નં.૬ પર રેલ્વે અંડરબ્રિજનું કામ પ્રગતિમાં હોય આ રોડ બંધ કરતા આ રોડ પરનો ટ્રાફિક એરપોર્ટ રોડ રેલ્વે ક્રોસીંગ નં. ૪ પરથી પસાર કરવામાં આવે છે. પરંતુ આ રેલ્વે ક્રોસીંગની પહોળાઇ ૯.૪૫ મીટર હોઇ, જે ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે પહોળાઇ ૧૫.00 મીટર કરવાની જરૂરીયાત હતી જે કામે રેલ્વે વિભાગને રાજકોટ મહાનગર– –પાલિકા દ્વારા રૂા.૪૫૧૫૧૬૧ ડીપોઝીટ તરીકે ભરપાઇ કરેલ જે અન્વયે રેલ્વે વિભાગ દ્વારા એરપોર્ટ ફાટક પહોળુ કરવાની કાર્યવાહી હાથ ધરી રેલ્વે દ્વારા હાલમાં બુમ – બેરીયર લગાડવાની તથા ટ્રાફિક સીગનલ ફેરવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે તથા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ કામે રસ્તાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ કામ કરવાથી હવે એરપોર્ટ રોડ ટ્રેક પરથી પસાર થવાથી આશરે ૩ લાખ શહેરીજનોને ટ્રાફિકની સમસ્યામાંથી મુકતી મળશે.







# નળ સે જળ યોજના અંતર્ગત રહેણાંક વિસ્તાર માટેના પાણીના ગેરકાયદેસર કનેકશન/અનધિકૃત નળ કનેકશન નિયત દર ભરપાઈ કરી રેગ્યુલરાઇઝ / કાયદેસર કરાવી લેવા શહેરીજનોને અપીલ

ભારત સરકારશ્રી દ્વારા નલ સે જલ યોજના અંતર્ગત તમામ શહેરી વિસ્તારોમાં રહેણાંક મકાનોમાં પીવાના પાણીનો પુરવઠો દરેક ઘરમાં નળ દ્વારા મળે તે માટે આયોજન કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત સરકારશ્રી દ્વારા પાણીની જરૂરીયાતએ મૂળભૂત જરૂરીયાત હોઇ, તેને પૂર્ણ કરવાના હેતુસર રાજયના શહેરી વિસ્તારોમાં રહેણાંક માટે વપરાતા એકમોમાં અડધા ઇંચની પાઇપ લાઇનના પાણીના ગેરકાયદેસર કનેકશન હોઇ તો આવા કનેકશનોને નિયમિત (રેગ્યુલરાઇઝ) કરવાની ગુજરાત સરકારનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા તા.૨૬–૮–૨૦૨૦ થી પુખ્ત વિચારણાને અંતે મહાનગરપાલિકાની સરકારી કે ખાનગી જમીનમાં રહેણાંકના ઉપયોગમાં લેવાતા એકમોમાં રહેતી વ્યક્તિ દ્વારા પાણીના અડધા ઇંચની પાઇપના ઘર વપરાશનાં હેતુસર સરકારી કે ખાનગી જમીનમાં માલિકીનાં દાવાને પ્રસ્થાપિત કર્યા સિવાય નિયત દર ઉપરાંત રૂા.૫૦૦ ની રકમ લઇ રેગ્યુલરાઇઝ / કાયદેસર કરી આપવા બાબતે હુકમ કરેલ છે. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્થાયી સમિતિ દ્વારા તા.૨૫–૯–૨૦૨૦થી હૈયાત નળ કનેકશન રેગ્યુલરાઇઝ કરવા માટે તા. ૩૧–૧૨–૨૦૨૦ સુધીમાં પ્રવર્તમાન ૧/૨ ઇંચ (અડધા ઇંચ) નાં નળ કનેકશનના નિયત દર ઉપરાંત રૂા.૫૦૦ ની રકમ ભરપાઇ કરી નળ કનેકશન રેગ્યુલરાઇઝ/કાયદેસર કરાવી લેવાનું મંજુર કરવામાં આવેલ છે.

આપી રાજકોટ શહેરનાં નાગરીકોને અનુરોધ કરવામાં આવે છે કે ભારત સરકારશ્રીની નળ સે જળ યોજનામાં સહભાગી થવા દરેકે આ યોજનાનો લાભ લઈ અડધા ઇંચનાં રહેણાંક હેતુ માટેના પાણીના ગેરકાયદેસર કનેકશન / અનધિકૃત નળ કનેકશન નિયત મુદત તા.૩૧–૧૨–૨૦૨૦ સુધીમાં નિયમિત કરી લેવા અન્યથા ત્યારબાદ ગેરકાયદેસર નળ કનેક્શન કપાત કરવામાં આવશે.



# કોરોના સંક્રમણની ચેઈન તોડવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાંચ ડાયગ્નોસીસ સેન્ટર ખાતે નિઃશૂલ્ક એન્ટીજન ટેસ્ટ બૂથ શરૂ કરાયા : મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિવિધ મોરચે યુધ્ધના ધોરણે કામગીરી

**૧૨૦૦ જેટલી ટીમો દ્વારા ડોર ટુ ડોર સર્વેલન્સ, ૫૦ ધનવંતરી રથ દ્વારા ઉકાળા વિતરણ, ટેસ્ટીંગ અને દવા વિતરણ, ૧૨ સંજીવની રથ (૨૪ ટીમ) દ્વારા હોમ ક્વોરોનટાઈન દર્દીઓના સંપર્ક અને સારવાર, એવી જ રીતે હેલ્પલાઈન નંબર ૧૦૪ માં મલ્ટી માહિતીના આધારે કુલ ૧૦ સ્પેશિયલ વાહનો દ્વારા વ્યક્તિના ઘેર ઘેર જઈને ચકાસણી, ટેસ્ટીંગ, દવા વિતરણ, તેમજ વોર્ડ દીઠ બબ્બે લેખે કુલ ૩૬ ટેસ્ટીંગ વાહનોની મદદથી આવશ્યકતા અનુસાર ટેસ્ટની કામગીરી કરવામાં આવી રહી છે.**




કોરોનાની વૈશ્વિક મહામારી અનુસંધાને વાયરસના સંક્રમણને પ્રસરતો અટકાવવાના પ્રયાસો વધુ સતેજ કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિવિધ મોરચે યુધ્ધના દોરને જુદા જુદા પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં ૧૨૦૦ જેટલી ટીમો દ્વારા ડોર ટુ ડોર સર્વેલન્સ, ૫૦ ધનવંતરી રથ દ્વારા ઉકાળા વિતરણ, ટેસ્ટીંગ અને દવા વિતરણ, ૧૨ સંજીવની રથ (૨૪ ટીમ) દ્વારા હોમ ક્વોરોનટાઈન દર્દીઓના સંપર્ક અને સારવાર, એવી જ રીતે હેલ્પલાઈન નંબર ૧૦૪ માં મલ્ટી માહિતીના આધારે કુલ ૧૦ સ્પેશિયલ વાહનો દ્વારા વ્યક્તિના ઘેર ઘેર જઈને ચકાસણી, ટેસ્ટીંગ, દવા વિતરણ, તેમજ વોર્ડ દીઠ બબ્બે લેખે કુલ ૩૬ ટેસ્ટીંગ વાહનોની મદદથી આવશ્યકતા અનુસાર ટેસ્ટની કામગીરી કરવામાં આવી રહી છે. આ સંજોગો વચ્ચે રાજકોટ મહાનગરપાલિકાએ શહેરમાં પાંચ સ્થળે કાર્યરત્ત ડાયગ્નોસીસ સેન્ટર કે જ્યાં વ્યક્તિનું સીટી સ્કેન કરવામાં આવે છે ત્યાં જે તે વ્યક્તિનો એન્ટીજન ટેસ્ટ વિનામૂલ્યે કરી તેને કોરોનાની અસર છે કે કેમ તેનું નિદાન કરી આગળની કાર્યવાહી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે, આ સમગ્ર કામગીરી રાજકોટ મહાનગરપાલિકાની ટીમ દ્વારા કરવામાં આવી રહી છે, તેમ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

મ્યુનિ. કમિશનરશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, શહેરમાં જે પાંચ સ્થળે સિટિ સ્કેન ડાયગ્નોસીસ સેન્ટર કાર્યરત્ત છે તેમાં એચ. જે. દોશી હોસ્પિટલ, શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ હોસ્પિટલ, શ્રી જલારામ હોસ્પિટલ, અને કોઠારી ડાયગ્નોસીસ સેન્ટર ખાતે રાજકોટ મહાનગરપાલિકાએ નિઃશૂલ્ક એન્ટીજન ટેસ્ટ બૂથ શરૂ કરી કોરોનાનું નિદાન વિનામૂલ્યે કરવાની સુવિધા નાગરિકોને ઉપલબ્ધ બનાવવામાં આવેલ છે.

અત્રે એ ખાસ નોંધવું રહ્યું કે, આ બૂથ શરૂ થયા પૂર્વે સીટી સ્કેન કરાવવા આવતા દર્દીને કોરોનાના નિદાન માટેના RTPCR ટેસ્ટ માટે બે દિવસ સુધી વાટ જોવી પડતી હતી. જેથી સારવાર શરૂ થવામાં સ્વાભાવિક રીતે જ ઇંતેજાર કરવો પડતો હતો. આ બાબતને ગંભીરતાથી ધ્યાને લઇ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ પાંચેય સીટી સ્કેન ડાયગ્નોસીસ સેન્ટર ખાતે એન્ટીજન ટેસ્ટ કરવા માટેના બૂથ શરૂકરી નાગરિકોને નિઃશૂલ્ક ધોરણે કોરોનાનું નિદાન કરાવવાની સેવા આપવાનો પ્રારંભ કરવામાં આવેલ છે.

અહિં એ પણ ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે, RTPCR ટેસ્ટ કરાવવા માટે દર્દીએ પ્રાઈવેટ લેબમાં રૂા. ૨૫૦૦ થી ૩૫૦૦ જેવો ખર્ચ કરવો પડતો હોય છે, પરંતુ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એન્ટીજન ટેસ્ટિંગ બૂથની સુવિધા આપવામાં આવતા લોકોને કોરોનાનું નિદાન વિનામૂલ્યે કરાવવાની સુવિધા મળી રહી છે.

માત્ર એટલું જ નહી.....રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં જ શરૂ કરવામાં આવેલા કુલ ૩૬ ટેસ્ટીંગ વ્હીકલ દરેક વોર્ડમાં એન્ટીજન ટેસ્ટની કામગીરી કરે છે.

૩૬ ટેસ્ટીંગ વ્હીકલ ઉપરાંત આરોગ્ય કેન્દ્રો, ૧૦૪ સેવા રથ અને ધનવંતરી રથ દ્વારા પણ વિનામૂલ્યે ટેસ્ટની કામગીરી કરવામાં આવી રહી છે.

## આજી GIDC વિસ્તારની ઈન્ડસ્ટ્રીઝમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એન્ટીજન ટેસ્ટ કેમ્પ કરાયો : ૨૦૨ કર્મચારીઓના ટેસ્ટ કરાયા : મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં કોરોના વાયરસના સંક્રમણનો પ્રસાર રોકવા શક્ય તમામ પ્રયાસો કરવામાં આવી રહયા છે જે અંતર્ગત કોરોનાનો ચેપ ફેલાતો રોકવા સાવચેતીરૂપે તા.૧–૯–૨૦૨૦ના રોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજી જી.આઇ.ડી.સી. ખાતે ઇન્ડસ્ટ્રીઝના કર્મચારીઓના સ્વાસ્થ્યની ચકાસણી અને આવશ્યકતા અનુસાર એન્ટીજન ટેસ્ટ કરવા માટે વધુ એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા કર્મચારીઓનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું અને ટેમ્પરેચર, SPO2 અને કોરોનાના અન્ય લક્ષણો જણાતા ૨૦૨ લોકોના ટેસ્ટ કરાયા હતાં તેમ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવેલ.

આ કેમ્પના આયોજન વિષે વાત કરતા મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે વધુમાં એમ જણાવ્યું હતું કે, આજી જી.આઇ.ડી.સી. ખાતે આવેલ ઇન્ડસ્ટ્રીઝ માં કામ કરતા કર્મચારીઓ સવારથી સાંજ સુધી એકબીજા ના સંપર્કમાં આવતા હોય છે, અને કોરોનાની ચેઈન તોડવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

આ અગાઉ પણ તા. ૨૯–૦૮–૨૦૨૦ ના રોજ આજી જી.આઇ.ડી.સી. ખાતે ઈન્ડસ્ટ્રીઝના કર્મચારીઓના રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એન્ટીજન ટેસ્ક કેમ્પ કરવામાં આવ્યો હતો, અને ટેમ્પરેચર, SPO2 અને કોરોનાના અન્ય લક્ષણો જણાતા ૧૯૭ લોકોના ટેસ્ટ કરાયા હતાં. આજે યોજાયેલા મેડિકલ કેમ્પમાં આરોગ્ય શાખાની કુલ દસ મેડીકલ ટીમ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.












## કુલ ૩૬ કોવીડ-૧૯ ટેસ્ટીંગ વહીક્લને ફ્લેગ ઓફ કરી શુભારંભ કરાયો : દરેક વોર્ડમાં ૦૨ વાહનો ફાળવવામાં આવેલ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરમાં કોરોના રોગના સર્વેલન્સી નિદાન તથા સમયસર સારવાર અને અટકાયતી પગલાના ભાગરૂપે ૫૦ થી વધુ ધનવંતરી રથ, સંજીવની રથ શરૂ કરેલ. ત્યારબાદ થોડા સમય પહેલા જ ૧૦૪ સેવા રથનો નવો અભિગમ ચાલુ કરેલ છે.

તા.03–0૯–૨૦૨૦ના રોજ દરેક વોર્ડમાં બે વ્હીકલ મુજબ કુલ ૩૬ કોવીડ–૧૯ ટેસ્ટીંગ વહીક્લને રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, રાજ્યના નાણા વિભાગના સચિવશ્રી મિલિન્દ તોરવણે, મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, વિગેરે દ્વારા ફ્લેગ આપી એન્ટીજન વાહન ટેસ્ટીંગનો શુભારંભ કરાયો. ડે.કમિશનર શ્રી પ્રજાપતિ, ડૉ.પી. પી. રાઠોડ તથા આરોગ્યનો સ્ટાફ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલમાં સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે. સર્વેલન્સમાં ટીમ દ્વારા એ/પી માર્કીંગ કરેલ હોય ત્યાં એન્ટીજન ટેસ્ટીંગ માટેનો વિકલ્પ દ્વારા ટેસ્ટીંગની કાર્યવાહી કરવામાં આવશે. આ વિકલ્પમાં પી.પી.ઈ. તથા એન્ટીજન કીટની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ



# કોરોના સંક્રમણની ચેઈન તોડવા લોકોને જાગૃત કરવાના અભિયાનમાં મનપાને કોવિડ કો-ઓર્ડીનેટરોનો મળ્યો સાથ તમામ ૧૮ વોર્ડમાં વિવિધ સોસાયટી, કોમ્પ્લેક્ષ, ઓફિસોમાં ૬૯૨ કોવિડ કો-ઓર્ડીનેટરો સક્રિય



કોરોનાની વૈશ્વિક મહામારી સામે રાજકોટ શહેરમાં અનુસંધાને વાયરસના સંક્રમણને પ્રસરતો અટકાવવાના પ્રયાસો વધુ સતેજ કરવા રાજકોટ મહાનગર––પાલિકા દ્વારા અનેકવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પરિસ્થિતિમાં તંત્રના પ્રયાસો સ્થાનિક લોકોનો સાથસહકાર મળતા વધુ અસરકારક સાબિત થઈ રહયા છે. જેમાં વોર્ડવાઈઝ કોવિડ કોઓર્ડીનેટરોની નિયુક્તિ ખુબ જ મહત્વપૂર્ણ બની છે. કોઓર્ડીનેટરો નેતૃત્વ લઈને નાગરિકોને SPO2 ચેકિંગ કરવા તેમજ જરૂરિયાતમંદ નાગરિકોને એન્ટીજન ટેસ્ટ કરાવવા પણ સમજાવી રહયા છે અને તેઓના પ્રયાસો સફળ થઈ રહયા છે. ઘણા નાગરિકો એવા છે જેઓ કોરોનાના નિદાન માટેનો ટેસ્ટ કરાવતા અચકાઈ રહયા છે પરંતુ તમામ વોર્ડમાં નિયુક્ત કરાયેલા કોવિડ કો–ઓર્ડીનેટરો નાગરિકોને જાગૃત કરવામાં અને તંત્રને સહયોગ પ્રદાન કરવા અને જરૂરી ટેસ્ટ કરાવવામાં ખુબ જ ઉપયોગી પૂરવાર થઈ રહયા છે જે નોંધપાત્ર બાબત છે. કોવિડ કો–ઓર્ડીનેટરો સામાજિક નેતૃત્વ કરી રહયા છે અને લોકોમાં વિશ્વાસ સંપાદન કરવાની મુશ્કેલ કામગીરી નિભાવી તંત્રને સાથસહકાર આપતા તંત્રનું કામ સરળ બન્યું છે, તેમ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું, છેલ્લા બે દિવસમાં શહેરની જુદીજુદી સોસાયટીઓ, ઓફિસો, કોમર્શિયલ કોમ્પલેક્ષ વગેરેમાં સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક, થર્મલ ગનથી ટેમ્પરેચર માપવું, કોઈને તાવ કે શરદી દેખાય તો તરત જ આવશ્યક પગલાં લઈ શકાય તે માટે ત્વરિત જાણકારી મેળવવામાં શહેરના ૧૮ વોર્ડમાં નિયુક્ત કરાયેલા કુલ ૬૯૨ કો–ઓર્ડીનેટરો રાજકોટ મહાનગરપાલિકાને સહયોગ આપી ઉમદા કાર્ય કરી રહયા છે. જે તે વોર્ડમાં કોવિડ કો–ઓર્ડીનેટરો લોકોને એન્ટીજન ટેસ્ટ કરાવવા માટે સમજાવે છે અને તેના પરિણામે લોકો ખચકાટ વગર ટેસ્ટ કરાવવા તૈયાર થવા લાગ્યા છે, તેમ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

વર્તમાન સમયમાં નાગરિકો જેટલી વધુ કાળજી રાખે એટલું કોરોના વાયરસનું સંક્રમણ ફેલાતું અટકાવી શકાય. આ બાબતને ધ્યાનમાં રાખી કોવિડ કોર્ડિનેટરની વ્યવસ્થા કરવામાં આવેલ છે તેમ જણાવી મ્યુનિ. કમિશનરશ્રીએ વધુમાં એમ જણાવ્યું હતું કે, જે તે સોસાયટીઓ, ઓફિસો, કોમર્શિયલ કોમ્પલેક્ષ કે અન્ય ઈમારતોમાં રહેતા કે વ્યવસાય કરતા લોકોમાં જો કોઈને પણ શરદી કે તાવ હોય તો તુર્ત જ કોવિડ કોર્ડિનેટર દ્વારા મહાનગરપાલિકાના વોર્ડ ઓફિસરને જાણ કરી શકાય. જેના માધ્યમથી હેલ્થ હેલ્પલાઈન ૧૦૪ મારફત જરૂરી કાર્યવાહી કરશે. આ ઉપરાંત જે કોઈ દર્દીને કોરોનાના પોઝિટિવ લક્ષણ દેખાય તો તેની છેલ્લા ૧૪ દિવસની હિસ્ટ્રીની તપાસ કરી આવશ્યક એવા તમામ પગલાં લઈ શકાય. વિશેષમાં જે તે સોસાયટીઓ, ઓફિસો, કોમર્શિયલ કોમ્પલેક્ષ કે અન્ય ઈમારતોમાં રહેતા કે વ્યવસાય કરતા લોકોમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવવામાં આવે, ફરજિયાત માસ્ક પહેરવા, તેમજ થર્મલ ગનથી ટેમ્પરેચર માપવાની વ્યવસ્થા કરવામાં આવે તેવી વ્યવસ્થા પણ થાય અને લોકો સતત જાગૃત રહી કોરોના વાયરસ સામે ચાલતી લડતમાં સહભાગી બને.

# આરોગ્ય કેન્દ્રની માહિતી લોકોને મળી રહે તે માટે ઠેર ઠેર સાઈન બોર્ડ અને પેઈન્ટિંગ મુકવાનું શરૂ : આરોગ્ય કેન્દ્ર ખાતે વિનામુલ્યે કોરોના અંગેનો ટેસ્ટઃ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

હાલ કોરોના વાઈરસની મહામારી ચાલી રહી છે. કોરોનાના સંક્રમણને અટકાવવા માટે મહાનગરપાલિકા પણ ખડે પડે કામગીરી કરી રહી છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને મનપાના કુલ ૨૧ આરોગ્ય કેન્દ્રો અંગે માહિતી મળે અને તેમના નજીકના કયા વિસ્તારમાં આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે તેની જાણકારી મળી રહે તેવા આશય સાથે શહેરમાં જુદાજુદા વિસ્તારો અને માર્ગો પર સાઈન બોર્ડ મુકવાનું શરૂકરવામાં આવેલ છે. સાથોસાથ આરોગ્ય કેન્દ્ર અંગે ચિત્રનગરી સંસ્થાના સહયોગ સાથે પેઈન્ટિંગ પણ દોરવામાં આવી રહયા છે, તેમ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

વધુમાં મ્યુનિ. કમિશનરશ્રીએ નાગરિકોને અપીલ કરતા એમ કહ્યું હતું કે, જો કોઈપણ વ્યક્તિને કોરોના વાઈરસ અંગેના કોઈપણ લક્ષણો જણાય તો તુર્ત જ નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરે અથવા આપના વિસ્તારમાં આવતા ધનવંતરી રથ પર જઈ પોતાનું હેલ્થ ચેક અપ કરાવી શકો છે. મહાનગરપાલિકા દ્વારા આ સેવા સંપૂર્ણ વિનામુલ્યે કરવામાં આવે છે, પ્રાથમિક સ્ટેજથી જ કોરોનાની સારવાર મળી રહે તેવા આશયથી મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ દ્વારા શહેરીજનોને નમ્ર અપીલ કરવામાં આવે છે.

મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ધનવંતરી રથ, સંજીવની રથ, ૧૦૪ સેવા રથ અને કોવિડ–૧૯ ટેસ્ટીંગ વ્હીકલ લોકોની સેવામાં કાર્યરત છે, તેમજ ૨૧ આરોગ્ય કેન્દ્ર પર પણ કોરોના વાઈરસ અંગેનું ચેકઅપ કરી આપવામાં આવે છે. શહેરના તમામ આરોગ્ય કેન્દ્રનો સવારે ૦૮:30 થી ૧૨:30 અને સાંજે 03:30 થી 0૬:30 સુધીનો રહેશે.

મ્યુનિ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા દ્વારા કોરોના વાઈરસ અંગેનો ટેસ્ટ વિનામુલ્યે કરવામાં આવે છે. કોરોનાને સંક્રમણ થતો અટકાવવા સૌ સાથે મળી સહયોગ આપીએ. મહાનગરપાલિકા દ્વારા આપના ઘર આંગણે આવી આપની સેવા કરે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક નાગરિક જાગૃત બને સરકારશ્રીના આદેશનું પાલન કરે અને જો શંકાસ્પદ લક્ષણો જણાય તો તુર્ત જ નજીકના મહાનગરપાલિકાના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરે.

આરોગ્ય કેન્દ્રની માહિતી દર્શાવતું પત્રક (આરોગ્ય કેન્દ્રનો સમય સવારે ૮.30 થી ૧૨.30 અને સાંજે 3.30 થી ૬.30 સુધી) વોર્ડ નં. ૭માં સેન્ટ્રલ ઝોન ખાતે સદર આરોગ્ય કેન્દ્ર, શાસ્ત્રી મેદાન પાસે, કુંડલીયા કોલેજની બાજુમાં, વોર્ડ નં. ૨, 3માં સેન્ટ્રલ ઝોન ખાતે જંકશન પ્લોટ આરોગ્ય કેન્દ્ર, રેલ્વે જંકશન સામે, વોર્ડ ઓંફીસની બાજુમાં, વોર્ડ નં. ૭માં સેન્ટ્રલ ઝોન ખાતે રામનાથપરા આરોગ્ય કેન્દ્ર, રામનાથપરા, શેરી નં.–૨૪માં, વોર્ડ નં. ૧૩માં સેન્ટ્રલ ઝોન ખાતે નારાયણનગર આરોગ્ય કેન્દ્ર, નારાયણનગર મેઈન રોડ, ઢેબર રોડ ફાટક સામે, વોર્ડ નં. ૧૪માં સેન્ટ્રલ ઝોન ખાતે અખિલ હિન્દ મહિલા પરિષદ આરોગ્ય કેન્દ્ર, લક્ષ્મીવાડી મેઈન રોડ, ગાત્રાળ ચોકમાં, વોર્ડ નં. ૧૭માં સેન્ટ્રલ ઝોન ખાતે ન્યુ રઘુવીર આરોગ્ય કેન્દ્ર, બાબરીયા મેઈન રોડ, રઘુવીર સોસાયટી, વોર્ડ નં. ૧૭માં સેન્ટ્રલ ઝોન ખાતે હુડકો આરોગ્ય કેન્દ્ર, કોઠારીયા મેઈન રોડ, હરીઘવા રોડ, પોલીસચોકી સામે, વોર્ડ નં. ૪માં ઈસ્ટ ઝોન ખાતે ભગવતીપરા આરોગ્ય કેન્દ્ર, ભગવતીપરા શેરી નં. ૫, વોર્ડ નં. ૪માં ઈસ્ટ ઝોન ખાતે મોરબી રોડ આરોગ્ય કેન્દ્ર, મોરબી રોડ, જકાતનાકા, વોર્ડ નં. ૫માં ઈસ્ટ ઝોન ખાતે આઈ.એમ.એ. આરોગ્ય કેન્દ્ર, પેડક રોડ, સંત જ્ઞાનેશ્વર સ્કૂલની બાજુમાં, વોર્ડ નં. ૬માં ઈસ્ટ ઝોન ખાતે કબીરવન આરોગ્ય કેન્દ્ર, કબીરવન સોસાયટી શેરી નં.–૧, સંતકબીર રોડ, વોર્ડ નં. ૬માં ઈસ્ટ ઝોન ખાતે રામ પાર્ક આરોગ્ય કેન્દ્ર, રામ પાર્ક કોમન પ્લોટ, ભાવનગર રોડ, વોર્ડ નં. ૧૫માં ઈસ્ટ ઝોન ખાતે સ્વ. શ્રી ચંપકભાઈ વોરા આરોગ્ય કેન્દ્ર, આંબેડકર નગર ગેઈટની બાજુમાં, ૮0 ફૂટ રોડ, વોર્ડ નં. ૧૬માં ઈસ્ટ ઝોન ખાતે પ્રણામી ચોક આરોગ્ય કેન્દ્ર, પ્રણામીચોક, સિયાણીમેઈન રોડ, વોર્ડ નં. ૧૮માં ઈસ્ટ ઝોન ખાતે કોઠારીયા આરોગ્ય કેન્દ્ર, પારડી રોડ, કોઠારીયા ગામ, વોર્ડ નં. ૧, ૨માં વેસ્ટ ઝોન ખાતે શ્યામ નગર આરોગ્ય કેન્દ્ર, બિલેશ્વર મંદિર પાસે, શ્યામનગર ૪/૫ નો ખૂણો, ગાંધીગ્રામ, વોર્ડ નં. ૭માં વેસ્ટ ઝોન ખાતે વિજય પ્લોટ આરોગ્ય કેન્દ્ર, વિજય પ્લોટ મેઈન રોડ, આર.પી. ભાલોડિયા કોલેજ સામે, વોર્ડ નં. ૮માં વેસ્ટ ઝોન ખાતે નાના મૌવા આરોગ્ય કેન્દ્ર, નાના મોવા ચોકડી પાસે, વોર્ડ નં. ૯, ૧0માં વેસ્ટ ઝોન ખાતે નંદનવન આરોગ્ય કેન્દ્ર, નંદનવન સોસાયટી, ગાંધીગ્રામ પોલીસ ચોકી સામે, વોર્ડ નં. ૧૧માં વેસ્ટ ઝોન ખાતે મવડી આરોગ્ય કેન્દ્ર, મવડી ગામ દાદા મેકરણ ચોક, મવડી રોડ, વોર્ડ નં. ૧૨માં વેસ્ટ ઝોન ખાતે આંબેડકર નગર આરોગ્ય કેન્દ્ર, આંબેડકરનગર, ગોકુલધામ મેઈન રોડ, સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં સેવાઓ ઉપલબ્ધ હતી.









# હોમ આઈસોલેશન

## રાજકોટ મહાનગરપાલિકાની આશીર્વાદરૂપ સેવા




### કોરોનાના સામાન્ય લક્ષણ ધરાવતા દર્દીઓ માટે સંજીવની પુરવાર થઇ

કોરોનાની વૈશ્વિક મહામારી અનુસંધાને વાયરસના સંક્રમણની કડી તોડવા માટે શરદી તાવના દર્દીઓને શોધી તેઓના ટેસ્ટ કરવા અત્યંત આવશ્યક હોઈ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૧૨૦૦ થી ટીમો દ્વારા શહેરના દરેક વોર્ડમાં ડોર ટુ ડોર મેગા સર્વેલન્સ થઇ રહ્યું છે અને આ માહિતીના આધારે એન્ટીજન ટેસ્ટિંગ, સારવાર સહિતના અનેક પગલાં લેવામાં આવી રહયા છે. જેમાં સૌથી મહત્વની બાબત એ છે, સાવ સામાન્ય લક્ષણ ધરાવતા કોરોના પોઝિટિવ દર્દીઓને મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવી રહેલી હોમ આઈસોલેશનની નિઃશૂલ્ક સેવા. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૨૩ જેટલા સંજીવની રથની સેવા આપવાના આવી રહી છે જેના મારફતથી હોમ આઇસોલેશન સારવાર હેઠળ રહેલા દર્દીઓનું નિયમિત ચેકઅપ કરવામાં આવે છે. જેમાં દર્દીનું ઓક્સિજન લેવલ, ટેમ્પરેચર, પલ્સ જેવી ચકાસણી કરવામાં આવે છે. જો દર્દીને વધુ સારવારની જરૂરિયાત જણાય તો તુર્ત જ ૧૦૮ ને બોલાવીને દર્દીને હોસ્પિટલ ખાતે ખસેડવાની કામગીરી પણ સંજીવની રથ કરી આપે છે.

રાજકોટ મહાનગરપાલિકા ખાતે હોમ આઇસોલેશન સારવાર હેઠળ રહેલા દર્દીઓ માટે સ્પેશિયલ કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે જ્યાંથી હોમ આઇસોલેશન સારવાર હેઠળ રહેલા દર્દીઓની દરરોજ ટેલીફોનીક સંભાળ લેવામાં આવે છે, જરૂર જણાય તો સંજીવની રથ દ્વારા તુર્ત જ દર્દીના ઘરે જઈને ચેકઅપ કરવામાં આવે છે. જો

### વિનામૂલ્યે દવા, ચેકિંગ, કન્સલ્ટેશન અને ટેલીફોનિક મોનિટરિંગ

દર્દીને વધુ તકલીફ જણાય તો ૧૦૮ બોલાવીને દર્દીને હોસ્પિટલ ખાતે લઈ જવાની સગવડ પણ કરી આપવામાં આવે છે. હોમ આઇસોલેશન માટે મહાનગરપાલિકા ના આશરે ૧૦૦ થી વધુ કર્મચારીઓ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે, જેમાંથી ૭૫ જેટલા આરોગ્ય કર્મીઓ સંજીવની રથ સાથે સતત ફિલ્ડમાં ફરજ બજાવે છે અને ૩૫ થી વધુ લોકો કંટ્રોલ રૂમ ખાતે ટેલીફોનીક સંભાળ લેવાની કામગીરી બજાવે છે. સંજીવની રથ સાથે જરૂરી મેડીકલ ટીમ પણ રાખવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા સંજીવની સેવા રથની મદદથી હોમ આઇસોલેશન સારવાર વિનામુલ્યે આપવામાં આવે છે. કોરોના પોઝિટિવ દર્દીને ગભરાવાની જરૂર નથી, મનપા દ્વારા નિયમિત સંભાળ લેવામાં આવે છે. તેઓને વિનામૂલ્યે તમામ સારવાર અને સહયોગ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રાપ્ત થઈ રહયો છે. ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકો માટે આ સેવા ખરેખર આશીર્વાદરૂપ પૂરવાર થઈ રહી છે, તેમ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

જ્યારે કોઈ વ્યક્તિનો લેબ ટેસ્ટ થાય અને તેને કોરોના પોઝિટિવ હોવાનું નિદાન થાય ત્યારે એ વ્યક્તિને સરકારી (સિવિલ) હોસ્પિટલ કે મનપાના આરોગ્ય કેન્દ્રના ડોક્ટર અથવા તો પ્રાઈવેટ ડોક્ટર એ દર્દીને ઘેર રહીને સારવાર (હોમ આઈસોલેશન) લઈ શકાય છે તેવું જણાવે ત્યારે એ દર્દી હોમ આઈસોલેટ થઈ શકે છે. જોકે ઘેર રહીને સારવાર કરવા માટે દર્દીના ઘેર અલગ રૂમ અને તેના માટે અલગ બાથરૂમ – ટોઈલેટ હોવા જરૂરી છે. જો આ

### આઇસોલેશન સારવાર હેઠળ રહેલા દર્દીઓને સંજીવની રથ દ્વારા નિયમિત ચેકઅપ

સુવિધા તેના ઘરમાં ના હોય તો તે સરકાર દ્વારા સંચાલિત સમરસ હોસ્ટેલમાં કાર્યરત્ત કોવિડ કેર સેન્ટરમાં દાખલ થઈ શકે છે અને ત્યાં પણ નિઃશૂલ્ક સારવાર અને રહેવા જમવાની સુવિધા તેને મળે છે. જે દર્દીઓને આર્થિક રીતે પરવડે એમ હોય તો તેઓ હોટલમાં કાર્યરત્ત કોવિડ કેર સેન્ટરમાં પણ હોમ આઈસોલેટ થઈ શકે છે.

વધુમાં મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું કે, હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓની સારવાર અને મોનિટરિંગ માટે મહાનગરપાલિકા ખાતે ખાસ કંટ્રોલ રૂમ (ફોન નંબર–૦૨૮૧ ૨૨૨ ૦૬૦૦) રાઉન્ડ ધ ક્લોક (ચોવીસે કલાક કાર્યરત્ત) ચલાવવામાં આવી રહયો છે. હોમ આઈસોલેટ થયેલા દર્દીઓને મનપાના આરોગ્ય કેન્દ્રો અને સંજીવની રથના માધ્યમથી કન્સલ્ટેશન, ચેકિંગ, દવા અને મોનિટરિંગની સેવા તદ્દન વિનામૂલ્યે આપવામાં આવે છે. મનપાના કંટ્રોલ રૂમ દ્વારા ટેલીફોનિક અને રૂબરૂ પણ આ દર્દીઓની નિયમિત સમયાંતરે ખબરઅંતર પૂછવામાં આવે છે અને દર્દીને સ્વાસ્થ્ય સંબંધી જો કોઈ મુશ્કેલી હોય તો તેનું ફોલોઅપ કરાયુ.

કેટલાક દર્દીઓ એવા પણ હશે જેઓના ઘરમાં વૃધ્ધ સભ્યો હશે અને તેઓને કોરોનાનો ચેપ પ્રસરવાની ચિંતા હોય તે સ્વાભાવિક છે. કેટલાક લોકો એવા પણ હશે કે જેઓ ભાડાના મકાનમાં રહેતા હશે અને હોમ આઈસોલેશન માટે જરૂરી સુવિધા કદાચ તેમના ઘરમાં ના પણ હોય. આવા સંજોગોમાં આ દર્દી સરકાર દ્વારા સંચાલિત સમરસ હોસ્ટેલમાં કે પછી હોટેલમાં કાર્યરત્ત કોવિડ કેર સેન્ટરમાં દાખલ થઈ શકે.




### હોમ આઈસોલેશન સારવાર હેઠળ રહેલા દર્દીઓની સંજીવની રથ દ્વારા તુર્ત જ દર્દીના ઘરે જઈને સારવાર

હોમ આઈસોલેશન સારવાર હેઠળ રહેલા દર્દીઓની દરરોજ ટેલીફોનીક સંભાળ લેવામાં આવે છે, જરૂર જણાય તો સંજીવની રથ દ્વારા તુર્ત જ દર્દીના ઘરે જઈને ચેકઅપ કરવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ કુલ ૨૩ જેટલા સંજીવની રથ લોકોની સેવામાં ઉપલબ્ધ બનાવવામાં આવેલા છે. જો દર્દીને વધુ તકલીફ જણાય તો ૧૦૮ બોલાવીને દર્દીને હોસ્પિટલ ખાતે લઈ જવાની સગવડ પણ કરી આપવામાં આવે છે. હોમ આઈસોલેશન માટે મહાનગરપાલિકાના આશરે ૧૦૦ થી વધુ કર્મચારીઓ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે, જેમાંથી ૭૫ જેટલા આરોગ્ય કર્મીઓ સંજીવની રથ સાથે સતત ફિલ્ડમાં ફરજ બજાવે છે અને ૩૫ થી વધુ લોકો કંટ્રોલ રૂમ ખાતે ટેલીફોનીક સંભાળ લેવાની કામગીરી બજાવે છે. સંજીવની રથ સાથે જરૂરી મેડીકલ ટીમ પણ રાખવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા સંજીવની સેવા રથની મદદથી હોમ આઈસોલેશન સારવાર વિનામુલ્યે આપવામાં આવે છે.

### હોમ આઈસોલેટ દર્દીઓ માટે રાજકોટ મહાનગરપાલિકા ખાતે ખાસ કંટ્રોલ રૂમ (ફોન નં. ૦૨૮૧-૨૨૨૦૬૦૦)

હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓની સારવાર અને મોનિટરિંગ માટે મહાનગરપાલિકા ખાતે ખાસ કંટ્રોલ રૂમ (ફોન નંબર-૦૨૮૧ ૨૨૨ ૦૬૦૦) રાઉન્ડ ધ ક્લોક (ચોવીસે કલાક કાર્યરત્ત) ચલાવવામાં આવી રહયો છે. હોમ આઈસોલેટ થયેલા દર્દીઓને રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય કેન્દ્રો અને સંજીવની રથના માધ્યમથી કન્સલ્ટેશન, ચેકિંગ, દવા અને મોનિટરિંગની સેવા તદ્દન વિનામૂલ્યે આપવામાં આવે છે. રાજકોટ મહાનગરપા--લિકાના કંટ્રોલ રૂમ દ્વારા ટેલીફોનિક અને રૂબરૂ પણ આ દર્દીઓની નિયમિત સમયાંતરે ખબર અંતર પૂછવામાં આવે છે અને દર્દીને સ્વાસ્થ્ય સંબંધી જો કોઈ મુશ્કેલી હોય તો તેનું ફોલોઅપ કરવામાં આવે છે.

### કેવા સંજોગોમાં હોમ આઈસોલેશન શકય છે ?

જ્યારે કોઈ વ્યક્તિનો લેબ ટેસ્ટ થાય અને તેને કોરોના પોઝિટિવ હોવાનું નિદાન થાય ત્યારે એ વ્યક્તિને સરકારી (સિવિલ) હોસ્પિટલ કે રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય કેન્દ્રના ડોક્ટર અથવા તો પ્રાઈવેટ ડોક્ટર એ દર્દીને ઘેર રહીને સારવાર (હોમ આઈસોલેશન) લઈ શકાય છે તેવું જણાવે ત્યારે એ દર્દીહોમ આઈસોલેટ થઈ શકે છે. જો કે ઘેર રહીને સારવાર કરવા માટે દર્દીના ઘેર અલગ રૂમ અને તેના માટે અલગ બાથરૂમ - ટોઈલેટ હોવા જરૂરી છે. જો આ સુવિધા તેના ઘરમાં ના હોય તો તે સરકાર દ્વારા સંચાલિત સમરસ હોસ્ટેલમાં કાર્યરત્ત કોવિડ કેર સેન્ટરમાં દાખલ થઈ શકે છે અને ત્યાં પણ નિઃશૂલ્ક સારવાર અને રહેવા જમવાની સુવિધા તેને મળે છે. જે દર્દીઓને આર્થિક રીતે પરવડે એમ હોય તો તેઓ હોટલમાં કાર્યરત્ત કોવિડ કેર સેન્ટરમાં પણ હોમ આઈસોલેટ થઈ શકે છે.













# ICCC ના માધ્યમથી સોશિયલ ડિસ્ટન્સના પાલનનું ચેકિંગ શહેરમાં જાહેર માર્ગો પર અને ચા-પાનના ધંધાર્થીઓને ત્યાં સોશિયલ ડિસ્ટન્સનો અને ફરજીયાત માસ્ક અંગેનો ભંગ કરવા બદલ કડક કાર્યવાહી.

સરકારશ્રી દ્વારા કેટલીક શરતો સાથે લોકોને પોતાનો વ્યવસાય ચાલુ કરવા છૂટ આપવામાં આવેલ છે, લોકોએ સામાજિક અંતર રાખવું, માસ્ક પહેરવું જેવા નિયમોનું પાલન કરવું આવશ્યક છે. શહેરમાં સોશિયલ ડિસ્ટન્સનો અને ફરજીયાત માસ્ક અંગેના ભંગ કરતા ધંધાર્થીઓ અને લોકો સામે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કડક અને દંડ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે, ICCC ના માધ્યમથી જ્યાં જ્યાં સોશિયલ ડિસ્ટન્સનો ભંગ થાય છે તેવા સ્થળો અને માસ્ક વિના જાહેરમાં ફરતા લોકો પાસે તુર્ત જ દબાણ હટાવ શાખા કાર્યવાહી કરવામાં આવી રહી છે, તા.૯–૯–૨૦૨૦ ના રોજ શહેરમાંથી ફરજીયાત માસ્ક અંગેના ભંગ કરતા ૪૨ આસામીઓ પાસેથી રૂ.૪૨૦૦૦ અને સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરતા ૦૮ ચા–પાનના ધંધાર્થીઓ પાસેથી રૂ.૨૦૦૦૦ નો દંડ વસુલ કરવામાં આવેલ છે, તેમ મ્યુનિ, કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું. ICCC દ્વારા જે જે સ્થળોએ સામાજિક અંતર જાળવવામાં નથી આવતું તેવા સ્થળોના ફોટોગ્રાફ લેવામાં આવે છે, અને તુર્ત જ દબાણ હટાવ શાખાની ટીમને સ્થળ પર મોકલવામાં આવે છે. જ્યાં સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરવા બદલ ધંધાર્થીઓ પાસેથી દંડ વસુલ કરવાની કડક કાર્યવાહી કરવામાં આવે છે. આજે જેની સામે પગલાં લેવાયા છે તેમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર જોગરાણા ટી સ્ટોલ, કરસન ટી સ્ટોલ, કૃણાલ પાન, રવેચી પાન, રામાપીર ચોકડી પાસે દેવજીવન હોટલ એન્ડ પાન, જાદવ ડીલક્સ પાન, જય દ્વારકાધીશ હોટેલ, નાનામવા મેઈન રોડ પર દ્વારકાધીશ હોટલ એન્ડ પાનનો સમાવેશ થાય છે. કોરોના સામે રક્ષણ મેળવવા સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવું આપણી અને આપણા પરિવાર માટે ખુબ જ જરૂરી છે. કોરોનાનો ચેઈન તોડવા માટે સૌ સાથે મળીને સહયોગ આપીએ. જાહેરમાં જવાનું તાળો, બહાર નીકળો તો માસ્ક અવશ્ય પહેરો, વારંવાર હાથ સાબુથી સાફ કરવા જેવી સાવચેતી જાળવવી ખુબ જ જરૂરી છે.

### રાજકોટ બહારથી આવતા મુસાફરોનું રેલ્વે સ્ટેશન ખાતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા

## એન્ટીજન ટેસ્ટીંગ અને હેલ્થ ચેકઅપ



રાજકોટ બહારથી આવતા મુસાફરોના સ્વાસ્થ્યની કાળજી લેતા રાજકોટ મહાનગરપાલિકા અને રેલ્વે સાથે મળીને કોરોના પોઝિટિવ દર્દીકે શરદી, ઉધરસ કે તાવના દર્દીઓને શોધી કાઢી તેઓને ત્વરિત સારવાર મળી રહે તેવું આયોજન કર્યું છે. જેમાં જરૂરિયાત મુજબ મુસાફરોના સ્ક્રીનિંગ અને એન્ટીજન ટેસ્ટ રાજકોટ મહાનગરપાલિકા તરફથી કરી આપવામાં આવે છે. અંતર્ગત આજે ઓડિસાના પૂરી ખાતેથી ઓખા જઈ રહેલી સ્પેશિયલ ટ્રેનનું સવારે ૭:૫૦ વાગ્યે રાજકોટ જંક્શન ખાતે આગમન થયું હતું અને જેમાંથી ૬૭ મુસાફરો રાજકોટ જંક્શન ખાતે ઉતર્યા હતા અને રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખા દ્વારા તમામ મુસાફરોનું એન્ટીજન ટેસ્ટીંગ અને હેલ્થ ચેકઅપ કરવામાં આવેલ જેમાંથી એક મહિલાને કોરોના પોઝિટિવ નોંધાયો હતો અને તેમને હોમ આઈસોલેશન સારવાર હેઠળ રાખવામાં આવેલ છે, તેમજ અન્ય મુસાફરો સંપૂર્ણ સ્વસ્થ છે, તેમ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

વહેલી સવારે ઓડિસાના પૂરી ખાતેથી રાજકોટ જંક્શન ખાતે આવી પહોંચેલી સ્પેશિયલ ટ્રેનમાં આવેલ મુસાફરોનું રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હેલ્થ ચેકઅપ અને એન્ટીજન ટેસ્ટીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી, આ ટ્રેનમાંથી કુલ ૬૭ મુસાફરો રાજકોટ જંક્શન ખાતે ઉતર્યા હતા, સ્ટેશન ખાતે મનપાની આરોગ્ય ટીમ પહેલેથી જ સજ્જ હતી જેમણે આવતા મુસાફરોના ટેસ્ટીંગ અને ચેકઅપ કામગીરી કરી હતી તેમજ મુસાફરોના સામાનને સેનીટાઈઝ કરવામાં આવ્યા હતા. આવેલ ટ્રેન ૦૮:૧૧ વાગ્યે રાજકોટ સ્ટેશન પરથી ઉપાડી આગળના સ્ટેશન ખાતે જવા રવાના થઇ ગઈ હતી.



### રવિવારે યોજાનાર NEET પરીક્ષાના અનુસંધાને શહેરના ૩૯ પરીક્ષા કેન્દ્રોને સેનીટાઇઝ કરવામાં આવી :

### રાજકોટ મહાનગરપાલિકા દ્વારા FIRST AIDS BOX ની વ્યવસ્થાઃ

### વિદ્યાર્થીઓની સંપૂર્ણ સંભાળ લેવામાં આવશેઃ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

આગામી રવિવારે યોજાનારી NEET પરીક્ષાના અનુસંધાને રાજકોટ મહાનગર––પાલિકા દ્વારા વિદ્યાર્થીઓને કોરોના ચેપ ન લાગે અને સોશિયલ ડિસ્ટન્સ જળવાય રહે તેવા આશય સાથે સંપૂર્ણ બાબતોની કાળજી લેવામાં આવશે, જેમાં પરીક્ષા આપવા આવનાર વિદ્યાર્થી માટે FIRST AIDS BOX ની વ્યવસ્થા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી છે ઉપરાંત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા પરીક્ષાના બે દિવસ પહેલા શહેરના કુલ ૩૯ પરીક્ષા કેન્દ્રને સેનીટાઈઝ કરી ડીસઈનફેક્ટ કરવામાં આવ્યા છે, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

મ્યુનિ. કમિશનરશ્રી વધુ માહિતી આપતા કહ્યું હતું કે, રાજકોટ તેમજ રાજકોટ બહારથી આવતા વિદ્યાર્થીઓની સંપૂર્ણ કાળજી રાખવામાં આવશે, પરીક્ષા કેન્દ્રોને પરીક્ષા પહેલાથી જ ડીસઈનફેક્ટ કરી આપવામાં આવ્યા છે. આવનાર વિદ્યાર્થીને ચેકઅપ કરવા માટે દરેક કેન્દ્ર ખાતે FIRST AIDS BOX ની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉપરાંત સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક જેવી બાબતોની પણ કાળજી રાખવામાં આવશે.

શહેરના ૩૯ કેન્દ્રોમાં શ્રી એ.વી.જસાણી વિદ્યામંદિર, મોદી સ્કુલ–ઈશ્વરીયા, શ્રી આત્મીય શિશુ મંદિર, કેન્દ્રીય વિદ્યાલય, દિલ્હી પબ્લિક સ્કુલ, ઈનોવેટીવ સ્કુલ–પડધરી, શ્રી જી. કે. ધોળકિયા, નિર્મલા કોન્વેન્ટ સ્કુલ, પ્રિન્સેસ સ્કુલ, હરીવંદના કોલેજ, અર્પિત ઈન્ટર. સ્કુલ, શ્રી જી. કે. ભરાડ–કસ્તુરબા ધામ, કે. કે. ધોળકિયા, સૌરાષ્ટ્ર યુનિ., શ્રી સરદાર પટેલ વિદ્યામંદિર, ગંગોત્રી ઈન્ટર. સ્કુલ, સર્વોદય સેકન્ડરી સ્કુલ, જય ઈન્ટરનેશનલ સ્કુલ, ન્યુ એરા પબ્લિક સ્કુલ, એકેડેમિક હાઈટ્સ સ્કુલ, ધવલ સ્ત્રેડ વર્ક સ્કુલ, ઓમ શાંતિ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, શ્રી ગ્રીન ફાર્મ સ્કુલ, ન્યુ એરા ગ્લોબલ સ્કુલ–કસ્તુરબા ધામ, બી. કે. મોદી ગવર્નમેન્ટ ફાર્મસી કોલેજ, ગવર્નમેન્ટ પોલીટેકનીક કોલેજ, સ્કુલ ઓફ ઈન્જી. આર. કે. યુનિ., સન સાઈન ગ્રુપ ઈન્સ્ટીટયુટ, આર. કે. યુનિ. કેમ્પસ, ક્રાઈસ્ટ કોલેજ, મારવાડી યુનિ., વી.વી.પી. એન્જી. કોલેજ, સંજયરાજ રાજ્યગુરૂ કોલેજ, શ્રી લાભુભાઈ ત્રિવેદી ઈન્સ્ટીટયુટ, ધ રાજકુમાર કોલેજ, સદગુરૂમહિલા કોલેજ અને આત્મીય યુનિ. નો સમાવેશ થાય છે.









# PM Street Vendors AtmaNirbharNidhi (PM SVAnidhi) a scheme for special micro-credit facility અંતર્ગત

# શહેરી ફેરીયાઓને વર્કીંગ કેપિટલ લોન આપવા કેમ્પ યોજાયો

પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર આત્મ નિર્ભર (PM SVAnidhi) યોજના અંતર્ગત શેરી ફેરિયાઓને આજીવિકાનાં હેતુસર આવાસ અને શહેરી બાબતો મંત્રાલય દ્વારા COVID–૧૯ થી અસરગ્રસ્ત શહેરી ફેરીયાઓ પોતાનો વ્યવસાય શરૂ કરી શકે તે હેતુથી શહેરી ફેરીયાઓને વર્કીંગ કેપિટલ લોન આપવા માટે ભારત સરકારશ્રી દ્વારા PM Street Vendors AtmaNirbharNidhi(PM SVAnidhi) a scheme for special micro-credit facility, 100% કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના લાગુ કરવામાં આવેલ છે.

આ યોજના હેઠળ શહેરી ફેરીયાઓને બેંક દ્વારા રૂ.૧૦૦૦૦ સુધીની વર્કિંગ કેપિટલ લોન આપવામાં આવે છે. આ યોજનાનો રાજકોટ શહેરના તમામ ફેરિયાઓને લાભ મળી રહે તે હેતુસર રાજકોટ મહાનગરપાલિકા ની પ્રોજેક્ટ શાખા દ્વારા શહેરના તમામ હોકર્સ ઝોન શહેરના તમામ રાજમાર્ગો ઉપર છુટા છવાયા ફેરી કરતા તમામ ફેરિયાઓનો સંપર્ક કરવામાં આવે છે. આ ઉપરાંત આ યોજનાના અસરકારક અમલીકરણ અને ફેરિયાઓને કોઈ મુશ્કેલી ન પડે તે હેતુસર નીચે દર્શાવેલ ફેરીયોના રહેઠાણ તેમજ હોકર્સ ઝોન તથા જાહેર માર્ગો ઉપર જરૂરી પ્રચાર પ્રસાર કરી અત્યારસુધીમાં નીચેની વિગતે કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. સાથો સાથ આ લોન અંગેની સંપૂર્ણ પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવતી હોય દરેક ફેરિયાઓનાં આધારકાર્ડ સાથે લીંક કરેલ મોબાઈલ નંબર ચાલુ હોવો જરૂરી હોય કેમ્પના સ્થળે આધાર કાર્ડની કીટ પણ ઉપલબ્ધ કરાવી સ્થળ ઉપર જ આધાર સબંધિત પ્રક્રિયા પૂર્ણ થાય તે પ્રકારની કામગીરી કરવામાં આવેલ છે.

વોર્ડ નં. ૨ માં શાળા નં.૫૯, બજરંગવાડી સર્કલ તા.૨૩–૯–૨૦૨૦, વોર્ડ નં. ૩, ૪, ૭માં વોર્ડ નં. ૪ વોર્ડ ઓફીસ તા. ૨૩–૯–૨૦૨૦, વોર્ડ નં. ૧૩માં શાળા નં. ૬૯, સરોજીની નાયડુ ગર્લ્સ સ્કુલ, અંબાજી કડવા પ્લોટ તા.૨૩–૯–૨૦૨૦, વોર્ડ નં. ૫, ૬, ૧૪, ૧૫માં પેડક રોડ સફાઈ કામદાર આવાસ યોજનાની બાજુની આંગળવાડી, સેન્ટ્રલ ઝોન ઓફીસ, થોરાળા વિસ્તારમાં તા.૨૩–૯–૨૦૨૦, વોર્ડ નં. ૧૬, ૧૭માં ભોજા ભગત સિવિક સેન્ટરમાં તા. ૨૩–૯–૨૦૨૦, વોર્ડ નં. ૧૩માં શાળા નં. ૬૯, સરોજીની નાયડુ ગર્લ્સ સ્કુલ, અંબાજી કડવા પ્લોટમાં તા.૨૨–૯–૨૦૨૦, વોર્ડ નં. ૩, ૪, ૭માં વોર્ડ નં ૪ વોર્ડ ઓફીસમાં તા.૨૨–૯–૨૦૨૦, વોર્ડ નં. ૫, ૬, ૧૪, ૧૫માં શ્રી ચંદ્રશેખર આઝાદ પ્રાથમિક શાળા નં.૬૨, સોરઠીયા વાડી સર્કલમાં તા.૨૨–૯–૨૦૨૦, વોર્ડ નં. ૨માં શાળા નં.૫૯, બજરંગવાડી સર્કલમાં તા.૨૨–૯–૨૦૨૦ના રોજ શહેરી ફેરીયાઓને સરળતાથી વધુને વધુ લાભ મળે અને સમગ્ર રાજકોટ શહેરનાં ફેરિયાઓ આ યોજનામાં જોડાય તે માટે કેમ્પ કરવામાં આવેલ છે. તા.૨૧–૯–૨૦૨૦ ના રોજ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલના અધ્યક્ષસ્થાને તમામ બેંકોને બોલાવીને રીવ્યુ કરવામાં આવેલ. જેમાં બેન્કોને વધુમાં વધુ એપ્લીકેશન સેન્કશન કરવા તાકીદ કરવામાં આવેલ છે.

વિશેષમાં આ યોજના અંતર્ગત ૫૧૦૦ થી વધુ ફેરિયાઓએ લોન ફોર્મ એપ્લીકેશન કરવામાં આવેલ છે. આ કેમ્પનો લાભ વધુને વધુ શહેરી ફેરિયાઓને લેવા રાજકોટ મહાનગર––પાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવે છે. આ PM SVANidhi યોજનાની વિશેષ માહિતી રાજકોટ મહાનગરપાલિકા ની પ્રોજેક્ટ શાખા રૂમ નં.૯, ઢેબર રોડ ખાતેથી મળી શકશે. તદુપરાંત આ કામગીરી માટે પ્રોજેક્ટ શાખા દ્વારા દરેક શેરી ફેરિયાનો સંપર્ક પણ કરવામાં આવતો હોય, શેરી ફેરિયાઓએ આધારકાર્ડ ચુંટણી કાર્ડ, બેંક પાસબુકની નકલ તથા જે શેરી ફેરિયા પાસે ફેરિયાનું રજીસ્ટ્રેશન કાર્ડ તથા સર્ટીફીકેટ સાથે રાખવા નોંધ લેશો.

# PM Street Vendors AtmaNirbharNidhi (PM SVAnidhi) અંતર્ગત પુરસ્કૃત યોજનાઓ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરના તમામ ફેરિયાઓને લાભ મળી રહે તે માટે કેમ્પનું આયોજન









પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર (PM SVAnidhi) યોજના અંતર્ગત શેરી ફેરિયાઓને આજીવિકાનાં હેતુસર આવાસ અને શહેરી બાબતો મંત્રાલય દ્વારા COVID-19 થી અસરગ્રસ્ત શહેરી ફેરીયાઓ પોતાનો વ્યવસાય શરૂ કરી શકે તે હેતુથી શહેરી ફેરીયાઓને વર્કીંગ કેપિટલ લોન આપવા માટે ભારત સરકારશ્રી દ્વારા PM Street Vendors AtmaNirbharNidhi (PM SVAnidhi) a scheme for special micro-credit facility, 100% કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના લાગુ કરવામાં આવેલ છે.

આ યોજના હેઠળ શહેરી ફેરીયાઓને બેંક દ્વારા રૂ.૧૦૦૦૦ સુધીની વર્કિંગ કેપિટલ લોન આપવામાં આવે છે. આ યોજનાનો રાજકોટ શહેરના તમામ ફેરિયાઓને લાભ મળી રહે તે હેતુસર રાજકોટ મહાનગરપાલિકાની પ્રોજેક્ટ શાખા દ્વારા શહેરના તમામ હોકર્સ ઝોન શહેરના તમામ રાજમાર્ગો ઉપર છુટા છવાયા ફેરી કરતા તમામ ફેરિયાઓનો સંપર્ક કરવામાં આવે છે. આ ઉપરાંત આ યોજનાના અસરકારક અમલીકરણ અને ફેરિયાઓને કોઈ મુશ્કેલી ન પડે તે હેતુસર નીચે દર્શાવેલ ફેરીયોના રહેઠાણ તેમજ હોકર્સ ઝોન તથા જાહેરમાર્ગો ઉપર જરૂરી પ્રચાર પ્રસાર કરી અત્યાર સુધીમાં નીચેની વિગતે કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. સાથોસાથ આ લોન અંગેની સંપૂર્ણ પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવતી હોય દરેક ફેરિયાઓનાં આધારકાર્ડ સાથે લીંક કરેલ મોબાઈલ નંબર ચાલુ હોવો જરૂરી હોય કેમ્પના સ્થળે આધાર કાર્ડની કીટ પણ ઉપલબ્ધ કરાવી સ્થળ ઉપર જ આધાર સબંધિત પ્રક્રિયા પૂર્ણ થાય તે પ્રકારની કામગીરી કરવામાં આવે છે.

વોર્ડ નં. ૩માં જયુબેલી શાક માર્કેટ, રાજકોટમાં તા.૧૮–૭–૨૦૨૦, વોર્ડ નં. ૪માં ભગવતીપરા શાક માર્કેટ, રાજકોટમાં તા.૨૦–૭–૨૦૨૦, વોર્ડ નં. ૩માં રેલ્વે જંકશન રોડ, ડાક બંગલા, રાજકોટમાં તા.૨૧–૭–૨૦૨૦, વોર્ડ નં. ૪માં સેટેલાઈટ ચોક હોકર્સ ઝોન, રાજકોટમાં તા.૨૨–૭–૨૦૨૦, વોર્ડ નં. ૩માં આસ્થા ચોક રેલનગર, રાજકોટમાં તા.૨૫–૭–૨૦૨૦, વોર્ડ નં. ૨માં છોટુનગર, આંગણવાડી, રાજકોટમાં તા.૨૫–૭–૨૦૨૦, વોર્ડ નં.૨માં છોટુનગર, હનુમાન મઢી, રૈયા રોડ, રાજકોટમાં તા.૩૧–૭–૨૦૨૦, વોર્ડ નં.૨માં રેસકોર્ષ આર્ટ ગેલેરીમાં તા.૩૦–૦૭–૨૦૨૦,વોર્ડ નં. ૩માં જયુબેલી શાક માર્કેટ, રાજકોટમાં તા.૦૨–૦૮–૨૦૨૦, વોર્ડ નં. ૨માં એરપોર્ટ બહુમાળી, રાજકોટમાં તા.૮–૮–૨૦૨૦, વોર્ડ નં. ૧માં રૈયાધાર, રાજકોટમાં તા.૫–૮–૨૦૨૦, વોર્ડ નં. ૧માં રૈયાધાર, રાજકોટમાં તા.૨૬–૮–૨૦૨૦, વોર્ડ નં. ૧માં રૈયાધાર આંગણવાડી, રાજકોટમાં તા.૧૭–૮–૨૦૨૦, વોર્ડ નં. ૧માં રૈયાધાર આવાસ યોજના, રાજકોટમાં તા.૧–૮–૨૦૨૦, વોર્ડ નં. ૧માં રૈયાધાર આવાસ યોજના, ૧૩ માળ, રાજકોટમાં તા.૨–૮–૨૦૨૦, વોર્ડ નં. ૧માં રૈયાધાર ચાર બાઈ મંદિર, રાજકોટમાં તા.૨૭–૮–૨૦૨૦, વોર્ડ નં. ૬માં સાગરનગર, માર્કેટિંગ યાર્ડ પાસે, રાજકોટમાં તા.૨–૯–૨૦૨૦, વોર્ડ નં. ૩માં કિટીપરા આવાસ યોજના, શાળા નં.૪૦, રાજકોટમાં તા.૩–૯–૨૦૨૦, વોર્ડ નં. ૧૧માં ધરમનગર, ૪૦ ફૂટ રોડ, રાજકોટમાં તા.૧૦–૯–૨૦૨૦ તથા વોર્ડ નં. ૧૧માં જ્યોતિ કોમ્પલેક્ષ, મવડી મેઈન રોડ, રાજકોટમાં તા.૧૦–૯–૨૦૨૦માં ઉક્ત કામગીરી શહેરી ફેરીયાઓને સરળતાથી વધુને વધુ લાભ મળે અને સમગ્ર રાજકોટ શહેરનાં ફેરિયાઓ આ યોજનામાં જોડાય તે માટે કરવામાં આવેલ છે. ઉપરાંત બેંકો તરફથી વધુને વધુ લોન અરજીઓ મંજુર થાય તે દિશામાં તમામ બેંકર્સની મીટીંગ પણ દર અઠવાડિયે માન. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ સાહેબના માર્ગદર્શનથી નાયબ કમિશનરશ્રી સી. કે. નંદાણીની અધ્યક્ષતામાં યોજવામાં આવે છે.

વિશેષમાં આ યોજના અંતર્ગત અંદાજીત ૨૭૦૦ થી વધુ ફેરિયાઓએ લોન ફોર્મ ભરેલ છે. અને ૫૦૦ થી વધુ લોન અરજીઓ મંજુર પણ કરવામાં આવેલ હોય, આ કેમ્પનો લાભ વધુને વધુ શહેરી ફેરિયાઓને લેવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવે છે. આ PM SVANidhi યોજનાનો લાભ રાજકોટ મહાનગરપાલિકાની પ્રોજેક્ટ શાખા રૂમ નં.૯ ઢેબર રોડ ખાતેથી મળી શકશે. તદુપરાંત આ કામગીરી માટે પ્રોજેક્ટ શાખા દ્વારા દરેક શેરી ફેરિયાનો સંપર્ક પણ કરવામાં આવતો હોય, શેરી ફેરિયાઓએ આધારકાર્ડ ચુંટણી કાર્ડ, બેંક પાસબુકની નકલ તથા જે શેરી ફેરિયા પાસે ફેરિયાનું રજીસ્ટ્રેશન કાર્ડ તથા સર્ટીફીકેટ સાથે રાખવા નોંધ લેશો.

# ૧૩૦ થી વધુ વાહનો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાઉન્ડ ધ ક્લોક સેવા ઘરે આંગણે જ સારવાર ઉપલબ્ધ




કોરોના વાઈરસને નાબુદ કરવા કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રી દ્વારા અસંખ્ય સેવાઓ આપવામાં આવે છે. લોકોને કોરોનાથી ગભરાવાની જરૂર નથી, હિમ્મતથી કોરોનાને હરાવાનો છે. સૌ સાથે મળીને રાજકોટ શહેરને કોરોના મુક્ત બનાવી શકીશું. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનો માટે શ્રેણીબધ્ધ સેવાઓ ચાલુ કરવામાં આવી છે. લોકોને સ્વાસ્થ્યની બાબતમાં ઘરની બહાર ન નીકળવું પડે તે માટે મનપા દ્વારા ઘર આંગણે જ સ્વાસ્થ્ય લગત સેવાઓ ઉપલબ્ધ કરાવી છે, જેના માટે ૧૩૦ થી વધુ વાહનો દ્વારા પોતાના વિસ્તારમાં અને પોતાને ઘર આંગણે સેવા ઉપલબ્ધ કરાવી છે, અને વધુ સારવારની જરૂર પડે તો નજીકના આરોગ્ય કેન્દ્ર ખાતે પણ વિનામુલ્યે સારવાર કરાવી શકાય છે, લોકોએ બિનજરૂરી ઘરની બહાર નીકળવાનું ટાળવું અને અન્ય લોકોના સંપર્કમાં ન આવવું તેમ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

મ્યુનિ. કમિશનરશ્રીએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા દ્વારા ૫૦ ધનવંતરી રથ, ૨૩ સંજીવની રથ, ૧૮ ૧૦૪ સેવા રથ અને ૩૬ થી વધુ કોવિડ – ૧૯ ટેસ્ટીંગ વ્હીકલ સહીત કુલ ૧૩૦ થી વધુ વાહનો કાર્યરત છે.

મનપા દ્વારા કોરોના પોઝિટિવ દર્દી, હોમ કવોરેન્ટાઇનમાં રહેલ દર્દી, પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવેલ લોકો, ઈમરજન્સી સારવાર, લક્ષણો ધરાવતા લોકને ઘરે બેઠા કોરોના અંગેની ટેસ્ટીંગ, રોગ પ્રતિકારક શક્તિ વધારતા આયુર્વેદિક ઉકાળા અને આયુર્વેદિક દવાઓ, હોમિયોપેથિક દવાઓ, નસ્ય સેવા, હેલ્થ ચેકઅપ સેવા, મોટી ઉમરના વ્યક્તિઓનું બી.પી.–ડાયાબીટીસ ચકાસણી, કોન્ટેક્ટ ટ્રેસિંગમાં આવેલ લોકોનું નિયમિત ચેકઅપ વિગેરે જેવી સેવા માટે વાહનો દ્વારા ઘર આંગણે ઉપલબ્ધ કરાવેલ છે.

મ્યુનિ. કમિશનરશ્રીએ આ સેવાઓ અંગે વાત કરાતા કહ્યું હતું કે, મનપા આપની સેવા માટે રાઉન્ડ ધ ક્લોક ખડે પગે છે. જો આપને કોરોના અંગેના પ્રાથમિક લક્ષણો જેવા કે, શરદી, તાવ, ઉધરસ કે શ્વાસ લેવામાં તકલીફ પડે તો તુર્ત જ મનપાની સેવાનો લાભ મેળવો. જરૂર જણાય તો તુર્ત જ નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક મેળવો. જેનાથી કોરોનાને પ્રાથમિક તબક્કામાં જ હરાવી શકાય અને આપને અને આપના પરિવારને ચેપ લાગતો અટકાવી શકાય છે. લોકોએ ટેસ્ટ કરવાથી ગભરાવું નહી. જેટલું વહેલું નિદાન કરવામાં આવશે એટલી વહેલી સારવાર આપવામાં આવશે. શહેરીજનોની સેવા માટે વાહનો દ્વારા સેવા ઉપલબ્ધ કરાવી છે તો લક્ષણો જણાયે વધુને વધુ લોકો આ વિનામુલ્યે આપવામાં આવતી સેવાનો લાભ ઉઠાવે અને કોરોનાને હરાવીએ.




**લોકોને ઘરની બહાર ન નીકળવું પડે તેવા આશય સાથે ઘરે બેઠા સેવા ઉપલબ્ધ કરાવીઃ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ**

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લોકોને ઘર આંગણે ધનવંતરી રથની સેવા શહેરમાં કાર્યરત ૫૦ રથ હરતું ફરતું દવાખાનું

દરેક રથમાં લડેગા રાજકોટ, જીતેગા રાજકોટ  ઓડિયો ક્લિપ દ્વારા સંદેશો પ્રસાર કરવામાં આવે છે. મહાનગરપાલિકા ઓડિયો ક્લિપના માધ્યમથી લોકોને સંદેશો આપે છે કે, લોકોએ ગભરાવાની જરૂર નથી, મહાનગરપાલિકા આપની સાથે છે, કોરોના અંગેના પ્રાથમિક લક્ષણો જણાયે તુર્ત જ મહાનગરપાલિકાનો સંપર્ક કરો જેનાથી કોરોના ચેઈન તુટશે અને કોરોનાનું સંક્રમણ અટકશે.

૩૪૦ આશા વર્કરો દ્વારા તા. ૧–૯–૨૦૨૦ ના રોજ ૧૧૩૭૩ ઘરના ૪૩૯૦૪ વ્યક્તિઓના હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યા હતા. તેમજ ૫૦ ધનવંતરી રથ ૨૧૫૫૮ લોકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું જે પૈકી ૬ લોકોને લક્ષણો જણાતા રીફર કરવામાં આવ્યા હતા. ચકાસણી દરમ્યાન ૭૦૯ વ્યક્તિઓના સેમ્પલ લેવામાં આવેલ હતા. રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે આયુર્વેદિક ઉકાળાનો ૧૩૫૭૦ લોકોએ અને આયુર્વેદિક દવાનો ૧૦૮૬ લોકોએ લાભ લીધો હતો. શહેરમાં ચાલતી ધનવંતરી રથ સેવાથી શહેરીજનોમાં ખુબ સારો પ્રતિસાદ મળ્યો છે. લોકોને આ સેવાથી કોરોના સામે લડવા હિમ્મત મળી છે. મહાનગરપાલિકા સંપૂર્ણ ફ્રી સેવા આપતી હોવાથી ગરીબ અને માધ્યમ વર્ગના લોકો પણ આ સેવાનો લાભ ઉઠાવી શકે છે.

















કોરોના વાઈરસ સામે લડવા શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારે હોવી ખુબ જ જરૂરી છે. માનવ શરીરમાં રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ધનવંતરી રથ સેવા કાર્યરત છે. રાજકોટ મહાનગરપાલિકાએ લોકોની સેવામાં ૫૦ ધનવંતરી રથ કાર્યરત કર્યા છે. લોકોને પોતાના ઘર આંગણે જ રોગ પ્રતિકારક શક્તિ વધારતા આયુર્વેદિક ઉકાળા અને આયુર્વેદિક દવાઓ મળી રહે તેવી વ્યવસ્થા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી છે. સાથોસાથ આ રથ દ્વારા જો કોઈ વ્યક્તિને કોરોના વાઈરસના લક્ષણો જણાય તો તેની પ્રાથમિક નિદાન પ્રક્રિયા જેવી કે, ઓક્સિજન ટેસ્ટ, એન્ટીજન ટેસ્ટ સ્થળ પર જ કરી આપવામાં આવે છે, અને જો જે–તે વ્યક્તિને વધુ લક્ષણો જણાય તો વધુ સારવાર માટે રીફર પણ કરવામાં આવે છે. મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી આ તમામ સેવા સંપૂર્ણ ફ્રી છે, જેનો વધુમાં વધુ લોકો લાભ ઉઠાવે તેવી મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે અપીલ કરી છે.

મહાનગરપાલિકા દ્વારા કુલ ૫૦ ધનવંતરી રથ સાથે ૩૪૦ આશા વર્કરો પણ લોકોના ઘરે ઘરે જઈને હેલ્થ ચેકઅપ કરે છે. શહેરમાં પોઝિટિવ નોધાયેલ દર્દીના સંપર્કમાં આવેલ વ્યક્તિઓના કોન્ટેક્ટ ટ્રેસિંગ કરી ત્યાં ધનવંતરી રથ દ્વારા હેલ્થ ચેકઅપની કામગીરી કરવામાં આવે છે, સંપર્કમાં આવેલ વ્યક્તિનું નિયમિત ટેમ્પરેચર અને પલ્સ ચકાસણી કરવામાં આવે છે. નાગરિકો કોરોના સામે લડી શકે તે માટે રોગ પ્રતિકારક શક્તિ વધારતા આયુર્વેદિક ઉકાળા અને આયુર્વેદિક દવાઓ આપવામાં આવે છે. ધનવંતરી રથ એક પ્રકારનું હરતું ફરતું દવાખાનું છે, જેમાં કોરોના અંગેના ટેસ્ટ પણ કરવામાં આવે છે અને વધુ ઉંમર લાયક લોકોનું ડાયાબીટીસ અને બ્લડ પ્રેસર પણ ચેકઅપ કરવામાં આવે છે.